Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૯ મુ. આત્મ સંવત ૨૦૦૮.
સં. ૫૫
અંક ૯-૧૦ મો. તા. ૧૫-૫-૫૨ ચૈત્ર-વૈશાખ

વાર્ષિક લવાજમ રૂા ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા,
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ શ્રી સામાન્ય જિન સ્તવન ... ... ... ( પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિ મ. ) ૧૨૭
૨ બોધશતક ... ... ... ... ...( પૂ. આ. શ્રી કસ્તૂરસૂરિ મ. ) ૧૨૮
૩ શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ ... ( પ્રો. હીરાલાલ રસીકલાલ કાપડિયા એમ. એ. ) ૧૨૯
૪ શ્રી ભૂજંગસ્વામી જિન સ્તવન ... ... ( ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ મોરબી ) ૧૩૦
૫ શ્રી મહાવીરસ્વામીનું હાલરડું... ... ... ... ( મુનિશ્રી દક્ષવિજયજી મ. ) ૧૩૩
૬ શ્રી મહાવીર જિન સ્તવન ... ... ... ( જવાનમલ ફૂલચંદજી નાગોત્રા ) ૧૩૪
૭ જૈન સાહિત્ય પ્રચાર માટેની જરૂરીયાત ... ... ... ... ( સભા ) ૧૩૫
૮ આ સભાના ( સાહિત્ય ) કથારત્નકોષ ગ્રંથ માટેનો અભિપ્રાય... ( પં. કનકવિજયજી મ. ) ૧૩૬
૯ સુધારો ... ... ... ... ... ... ... ... ૧૩૬
૧૦ વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ( સભા ) ૧૩૭
૧૧ સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ... ( સભા ) ૧૪૨
૧૨ ગયા વર્ષ( સં. ૨૦૦૭ ની સાલ )નો રિપોર્ટ ... ... ... ... પાછળ


## નવા થયેલાં માનવંતા સભાસદો.

૧ શેઠશ્રી ચિમનલાલ મગનલાલ મુંબઈ પેટ્રન ( પરિચય હવે પછી )

૨ શેઠશ્રી રતિલાલ ચત્રભૂજ મુંબઈ પેટ્રન

૩ શેઠ નગીનદાસ પ્રેમચંદભાઈ (૧) લાઈફ મેમ્બર મુંબઈ

૪ શ્રી ભુવનવિજયજી જૈન પાઠશાળા ,, ,,

૫ શ્રીયુત ભોગીલાલભાઈ જે. સાંડેસરા એમ. એ. પી. એચ. ડી. લાઈફ મેમ્બર વડોદરા

૬ શેઠશ્રી નાનજી લધાભાઈ જૈન જ્ઞાનભંડાર નાની ખાખર (૧) લાઈફ મેમ્બર

૭ શેઠ પ્રવીણચંદ્ર રમણલાલ મુંબઈ (૧) ,,

## "શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકના સુજ્ઞ વાંચકોને.

નિવેદન કરીએ છીએ કે ગયા ચૈત્ર શુદ ૪ શનિવારના રોજ આ સભાની જનરલ મીટીંગમાં ( ગયા વર્ષનો હિસાબ, આવક-જાવક, સરવૈયું અને આ વર્ષનું બજેટ વગેરે રજુ કરી મંજુર કરાવી, તેનો રિપોર્ટ તૈયાર કરી ચૈત્ર માસના અંક સાથે છપાવી પ્રસિદ્ધ કરવાનો નિર્ણય થયો હતો, પરંતુ માસિક અને રિપોર્ટ બને તા. ૧૫-૪-૧૯૫૨ સુધીમાં તૈયાર થઈ શકયા નહિં, તેથી ચૈત્ર-વૈશાક ( એપ્રીલ-મે ) ૯-૧૦ મો બંને અંકો ઉપરોક્ત કારણથી સાથે પ્રકટ કરવામાં આવેલ છે તેથી ક્ષમા ચાહીએ છીએ.

## સં. ૨૦૦૮ ની શાલમાં નવા થનારા લાઇફ મેમ્બર બંધુઓ.


આ વર્ષે અગાઉ સભાસદ થયેલા બંધુઓને ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે ( સં. ૨૦૦૭-સં. ૨૦૦૮ ) બે વર્ષના ભેટના ચાર ગ્રંથો રૂા. ૧૭ાા ની કિંમતના અપાઈ ગયેલા છે, પરંતુ આ વર્ષના આશો વદી ૩૦ સુધીમાં નવા થનારા લાઈફ મેમ્બર બંધુઓને ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેના એ ચારે ગ્રંથોના ભેટનો લાભ લેવો હોય તો રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઈફ મેમ્બરના લવાજમના ઉપરાંત રૂા. ૮) આઠ આપવાથી તે ચારે ગ્રંથો ભેટ મળી શકશે. અગાઉ જણાવ્યા પ્રમાણે શ્રી પાર્શ્વનાથ ભગવંત ચરિત્ર પણ જેની કિંમત રૂા. ૧૩) હોવા છતાં તે સાથે ભેટ જોઈતું હશે તો રૂા. ૭) સાત વધારે આપવાથી તે પણ ભેટ મળી શકશે. બીજા વર્ગના લાઈફ મેમ્બરો ( નવા ) થનારને ધારા પ્રમાણે બે રૂપીયા કમી કરીને આપવામાં આવશે. ( પોસ્ટેજ જુદું ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

477

આ સભાના માનવંતા પેટ્રન—



શેઠશ્રી રતિલાલભાઈ ચત્રભુજ. (હાલ મુંબઈ)

આ સભાના માનવંતા પેટ્રન—

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી રતીલાલભાઈ ચત્રભજનું જીવન વૃત્તાંત.

સૌરાષ્ટ્ર આર્યક્ષેત્રમાં ભાવનગર એ જૈનોની વિશાળ વસ્તીવાળું પ્રસિદ્ધ શહેર છે; જ્યાં પૂજ્ય મુનિ મહારાજાઓના આવગમનવડે પરંપરાએ દેવગુરૂધર્મની ભક્તિ અને શ્રદ્ધા જૈન સમાજમાં બની બની રહેલ છે. આ શહેરમાં વીશાશ્રીમાળી જ્ઞાતિમાં પિતા શેઠ ચત્રભૂજ અને માતુશ્રી હરકોર બ્હેનની કુક્ષિમાં શ્રીયુત રતિલાલભાઇનો સં. ૧૯૫૮ ના માગશર શુદી ૨ તા. ૧૩-૧૨-૧૯૦૧ ના રોજ જન્મ થયો હતો. બાલ્યાવસ્થાથી જ પૂજ્ય દાદા શ્રી ધરમચંદ ગાંગજી તથા પિતા ચત્રભૂજભાઇ તરફથી ઉતરોત્તર ધાર્મિક સંસ્કારો વારસામાં ઉતર્યા હતા.

બાળવયમાં ગુજરાતી સાતમા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. પૂર્વના પૂણ્યયોગે ૧૭ મેં વર્ષે શ્રીયુત રતીલાલભાઇને ધંધાર્થે ભાગ્ય સં. ૧૯૭૪ માં મુંબઈ લઇ ગયું. પ્રથમ વ્યાપારી અનુભવ મેળવવા માટે નોકરી સ્વીકારી. સં. ૧૯૮૧ સને ૧૯૨૫ ની સાલમાં એશીયાટીક પેટ્રોલીયમ કું. લી.ની એજન્સી મળી ( ભાગ્યની શરૂઆત અહીંથી થઇ ) લઘુબંધુ શાંતિલાલનો પણ આજ્ઞાંકિતપણા સાથે ધંધામાં સંપપૂર્વક સહકાર શરૂ થયો. અને થોડા વખતમાં બરમાશેલ, ધી તાતા ઓઇલ, તાતા કેમીકલ કું. લી. તથા ધી બ્રીટાનીયા બીસ્કીટ કંપની વગેરેની એજંસીઓ પ્રાપ્ત થઇ, સાથે ધર્મ શ્રદ્ધા વધતાં લક્ષ્મીદેવી પ્રસન્ન થયાં છતાં, બંને બંધુઓ નિરભિમાનપણા સાથે સરલતા, અને માયાળુપણા સાથે વિશેષ નમ્ર થતા ગયા. લક્ષ્મી વધતાં આત્મકલ્યાણ સાધવાની ઇચ્છા થતાં નીચે પ્રમાણે સુકૃતની લક્ષ્મીનો સદ્‌ઉપયોગ શરૂ કર્યો.

રૂા. એક હજાર શ્રી તળાજા બોર્ડીંગ, રૂા. ૨૫૦) શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ, રૂા. ૨૫૧) કુંડલા બોર્ડીંગ, રૂા. ૨૫૧) અમરેલી બોર્ડીંગ, રૂા. ૫૦૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય, રૂા. ૨૫૧) શ્રી ભાવનગર જૈન ભોજનશાળા, રૂા. ૧૦૦૧) શ્રી ભાવનગર આયંબિલ ખાતે, રૂા. ૧૦૦૧) મહાત્મા ગાંધીજી સ્મારક નિધિ, રૂા. ૩૦૧) શ્રી બાળવિદ્યાર્થી ભવન વિદ્યાર્થીઓને પુસ્તક માટે દર વર્ષે ચાર વર્ષથી અપાય છે, રૂા. ૩૦૧) શ્રી જુનાગઢ જૈન ભોજનશાળા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૫૦૧) શ્રી જૈન આત્માનંદ સભાના પેટ્રન થતાં, રૂા. ૧૦૦૧) શ્રી જીવદયા મંડળી મુંબઇ, રૂા. ૨૫૧) શ્રી ગોધારી દવાખાનું, રૂા. ૨૫૦૧) તેમના સ્વર્ગવાસી પ્રથમ પત્ની શ્રીમતી મંછાબ્હેનના શ્રેયાર્થે, કુલ રૂા. ૧૦૨૬૭) તેમજ ઉપરાંત પરચુરણુ પરચુરણુ રકમ તે જુદી હોવા સાથે જરૂર હોય ત્યાં સખાવત ચાલુ છે.

સુશીલ, પતિભક્તિ પરાયણુ અને વ્યવહારિક તથા ધાર્મિક કાર્યોમાં પુરેપુરી રીતે સહકાર આપે તેવી ધર્મપત્ની પૂર્વના પુણ્યયોગ સિવાય મનુષ્યને મળતી નથી. શ્રીયુત રતિલાલભાઇના પ્રથમ સદ્દગત ધર્મપત્ની શ્રીમતી મંચ્છાબ્હેન તેવા જ હતા. એક પ્રશંસનીય હકીકત આ સભાને અન્યસ્થાનેથી મળતાં તે પ્રકટ કરતાં ( શ્રીયુત રતિલાલભાઇને કદાચ દુઃખ કે સંકોચ લાગે તેમ ધારી ) તે સ્પષ્ટ નહિં મુકતાં માત્ર એટલું જ જણાવવા માગીયે છીયે કે, રતિલાલભાઇના તે પ્રથમના સદ્દગત ધર્મપત્ની શ્રીમતી મંછાબ્હેન ધર્મશ્રદ્ધાળુ હોવાથી શ્રી સિદ્ધાચલજીની નવાણું યાત્રા, અઠ્ઠાઇ વગેરે કરેલ હતું પરંતુ તે બ્હેને પોતાની હૈયાતિમાં શ્રી રતિલાલભાઇને, સંસારની અસ્થિરતા અને લક્ષ્મીની ચંચળતા છે માટે કંઇ કરવું જોઇએ તેમ પ્રેમપૂર્વક સૂચવવાથી, બંનેએ એક મ્હોટી રકમનો ( તે બંને જણાની હૈયાતિ બાદ ભાવનગરમાં આત્મકલ્યાણમાટે-સમાજના ઉદ્ધારમાટે કેળવણી, દવાખાનું અને વિધવા બ્હેનોના ઉદ્ધાર માટે સદ્દવ્યય થાય ) એમ નિર્ણય કરી ટ્રસ્ટડીડ કરી તે રકમ તેમના બંને જણની હૈયાતિમાં તરતજ બેંકમાં મુકાયેલી છે તેમ જાણી અમો સદ્દગત બ્હેનની પ્રશંસા કરવા સાથે શ્રીયુત રતિલાલભાઇને ધન્યવાદ આપીયે છીયે. તે રકમનો હૈયાતિ બાદ ગમે ત્યારે સદ્દવ્યય થાય પરંતુ એ ધર્મશ્રદ્ધાળુ દંપતીએ પોતાના સ્વહસ્તે દાન કરી ખરેખર આત્મકલ્યાણ સાધ્યું છે. જૈન સમાજમાં પતિભક્તિ અને ધર્મપત્ની પ્રત્યેના નિર્દોષ પ્રેમનું આ દૃષ્ટાંત છે. આવાધર્મપ્રેમી પુણ્યશાળી શેઠશ્રી રતિલાલભાઈ સભાની સુંદર કાર્યવાહી-વહીવટ વગેરે જોઇ આ સભાના માનવંતા પેટ્રન થયા છે, જેથી આ સભાની પ્રતિષ્ઠામાં વધારો થયો છે, જે માટે આભાર માનવામાં આવે છે અને પરમાત્માની પ્રાર્થના કરીયે છીએ કે રતિલાલભાઇ દિર્ઘાયુ થઇ શારીરિક, આર્થિક, આધ્યાત્મિક, લક્ષ્મી વિશેષ વિશેષ મેળવી ધર્મ અને સમાજના અનેક કાર્યોમાં અનેક સખાવતો કરી આત્મકલ્યાણ સાધે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૮. | ચૈત્ર–વૈશાક | પુસ્તક ૪૯ મું. |
| વિક્રમ સં. ૨૦૦૮. | :: તા. ૧૫ મી મે ૧૯૫૨ :: | અંક ૯–૧૦ મો. |

## શ્રી સામાન્ય જિનસ્તવન.

( રાગ–ઇસ દુનિયામેં, ફિલ્મ–આવારા )

આયા મૈં હું,
યા ઇસ દુનિયામેં જિન દર્શન લાચારા હું. ૧

સુખ સાજ નહિ, મુજ લાજ નહિ, મેરા જો તુજમેં પ્યાર નહિં,
વિરાગ નહિ, ગુણુ લાગ નહિ, મેરા જો તુજમેં પ્યાર નહિ;
ફિર ભી જિંદગીમેં મુકિત નગરકા પ્યાસા હું. ૨

ગુલતાન નહિ, સુલતાન સહી, આતા હું તેરે પાસ અગર,
મોહે મીલ જાવે જરૂર ડગર, મીલ જાવે જરૂર ડગર,
દુનિયામેં તેરે નામ કા યા ધામ કા આશી હું. ૩

ભૂલતા હી નહિ, રૂલતા હી નહિ, ધ્યાતા હું પ્રભુજી પાસ અગર,
**આતમ લબ્ધિ** મીલ જાય નગર, બાકી ન રહે તબ કોઇ ડગર;
દુનિયામેં તેરે નામ કા યા ધામ કા આશી હું. ૪

**પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બોધશતક.

પૂ. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

શ્રી વર્ધમાન-મહાવીર અરિહંત, તથા ગુરુને નમસ્કાર કરીને વૃદ્ધ પુરુષોના વચનાનુસાર શ્રી બોધશતક કહીશ. ૧

ગુણોને સારી રીતે મેળવવાથી અને અવગુણોને છોડવાથી માણસોનું શ્રેય થાય છે એમ વૃદ્ધ પુરુષો કહે છે. ૨

ગુણોમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર મોટા-ઉત્તમ ગુણો છે માટે બુદ્ધિશાળીઓએ તેને જ મેળવવાને સારી રીતે યત્ન કરવો જોઇએ. ૩

સમ્યગ્-દર્શનાદિ ગુણો વગર નિરાશ્રિત ભવ્ય જીવો વિષય-કષાયરૂપ ઘાતકી જાનવરોથી ભરેલી ભવાટવીમાં રખડે છે અને અનેક પ્રકારની વિટંબના ભોગવે છે. ૪

જ્ઞાનાદિ ગુણ વગરના માણસોને ડગલે ને પગલે આપત્તિઓ નડે છે અને તેમને ધનહીન માણસોની જેમ ક્યાંય પણ સુખ હોતું નથી. ૫

રસ્તામાં ચાલવાવાળાને થોડો પણ દીવાનો પ્રકાશ ગાઢ અંધકારમાં આપત્તિયોમાંથી બચાવવાને સમર્થ થાય છે. તેવી જ રીતે મોક્ષમાર્ગમાં ચાલવાવાળાને જ્ઞાનદીપકનો થોડો પણ પ્રકાશ અજ્ઞાન અંધકારને હરવાથી ઉપકાર કરનારો થાય છે. ૬-૭

મિથ્યાત્વ-અજ્ઞાનથી મુંઝાયલો જીવ પોતાનું શ્રેય કરવાને અસમર્થ થાય છે અને કર્મના પુદ્ગલોથી ભારે થઇને સંસારસમુદ્રમાં ડુબી જાય છે. ૮

જેમ ઝેર ભળેલું અન્ન પ્રાણ-ઘાતક હોવાથી ઝેર જ કહેવાય છે, તેમ મિથ્યાત્વમોહના આવરણવાળાનું જ્ઞાન અજ્ઞાનથી જુદું હોતું નથી, અર્થાત્ આત્મગુણઘાતક હોવાથી તેવું જ્ઞાન અજ્ઞાન જ કહેવાય છે. ૯

જડ માણસો પહેરેલાં ઉજળાં વસ્ત્રને મેલથી સાચવવાને જેટલી કાળજી રાખે છે, તેટલી કાળજી પોતાના આત્માને કર્મના મેલથી મેલો ન થવા દેવાને રાખતા નથી. ૧૦

જેમ આંખ વગરના-આંધળા માણસોને રાત-દિવસમાં ભેદ હોતો નથી, સરખા લાગે છે, તેમ જ્ઞાનચક્ષુ હીનને દેહ તથા આત્મામાં ભેદ જણાતો નથી અર્થાત્ દેહ તથા આત્માને એક જ માને છે. ૧૧

જડાત્મક-પૈસારૂપી ધનનાશ થતું જોઇને મૂર્ખાઓ શોક કરે છે; પણ પોતાનું ચેતનસ્વરૂપ જ્ઞાનાદિ ધન નાશ પામી રહ્યું છે તેની જરાય ચિંતા થતી નથી. ૧૨

નિર્ધનોનું ધન ધર્મ છે. ખરું જોતાં તો ધર્મવાળા જ શ્રીમન્ત કહી શકાય; બાકી ધર્મ વગરના ધનવાનને તો જ્ઞાનીયો નિર્ધન-કંગાળ જ કહે છે. ૧૩

નિર્ધન માણસો શોક કરે છે કે અમે ધન વગર ધર્મ કેવી રીતે કરીએ? પણ તેમનો શોક નકામો છે, કારણ કે તેમની પાસે તાત્ત્વિક ધર્મનું સાધન ઉત્તમ માનવ જીવન તો છે જ. ૧૪

અરિહંતોએ માનવ જીવન ધનથી પણ અત્યંત દુર્લભ અને કિંમતી બતાવ્યું છે અને તેથી કરીનેજ સંસારમાં ધન અર્પણ કરનારા અનેક છે પણ જીવન અર્પણ કરનાર તો કોઇકજ હોય છે. ૧૫

જુઓ, તીર્થંકરાદિ મહાપુરુષો છતી ધનસંપત્તિનો ત્યાગ કરીને નિર્ધન અવસ્થા સ્વીકારી અને માત્ર પોતાનું જીવન વાપરીને મુક્તિ પામ્યા છે માટે ધન કરતાં માનવ જીવન ઊંચું છે. ૧૬

સંસારમાં જડબુદ્ધિ માણસો નામ માટે લડે છે, ક્રોધાદિ કષાય કરે છે; પણ નામ કોઇ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસેન દિવાકરની કૃતિઓ.

## અભ્યાસ માટેના સાધનો.

( લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિઆ એમ. એ. )

( ગતાંક પૃષ્ઠ ૧૧૭ થી શરૂ )

**સંમતિતર્કપ્રકરણ** એ નામથી પ્રથમ કાંડ પૂરતું મૂળ અને એના ઉપરની અભયદેવસૂરિકૃત ઉપર્યુક્ત ટીકા વિ. સં. ૧૯૯૬ માં " જૈન ગ્રંથ-પ્રકાશક સભા " ગ્રંથાંક ૨૯ તરીકે છપાઇ છે. એનું સંપાદન શ્રી નંદનસૂરિના શિષ્ય શ્રી શિવાનંદવિજયે કર્યું છે. આમાં બે બોલ જેટલું પણ લખાણ સંપાદક કે પ્રકાશક તરફથી રજૂ કરાયું નથી. વિશેષમાં આ પૂર્વે અમદાવાદથી જે સંપૂર્ણ કૃતિ પ્રસિદ્ધ થઇ છે તેનો લાભ લેવાયો છે કે નહિ તેનો નિર્દેશ નથી. વળી કોઇ હાથપોથીનો ઉપયોગ કરાયો હોય તો તે વિષે પણ ઉલ્લેખ નથી. કદાચ આગળ ઉપર આ બાબત નોંધવા વિચાર હશે. ગમે તેમ હો, આ સંપાદનની અત્યારે તો ખાસ કંઇ વિશિષ્ટતા નથી; એમાં પાઠાંતરોની પણ નોંધ નથી. આ પ્રકાશન માટે કાગળ સારા વપરાયા છે અને મૂલ્ય સામાન્ય રખાયું છે એ આનંદનો વિષય છે. વિશેષ આનંદ તો બાકીના કાંડો વિશિષ્ટ પ્રસ્તાવનાદિ સહિત પ્રસિદ્ધ થયે થાય.[1] ખાસ કરીને એક બાબતને અંગે હું આના સંપાદક મહાશયનું સાદર લક્ષ્ય ખેંચું છું કે તેઓ અમદાવાદથી પ્રકાશિત સંસ્કરણના પાંચમા ભાગમાંના સંપાદકીય નિવેદન ( પૃ. ૧૫ ) માં સૂચવાયેલું અપૂર્ણ કાર્ય પૂરું કરે. વાત એમ છે કે—ન્યાયાચાર્ય યશોવિજયગણિએ સમ્મઇપયરણનું આકંઠ પાન કર્યું છે. એમણે પોતાની વિવિધ કૃતિઓને આ અમૂલ્ય કૃતિમાંથી અવતરણ આપી એનું મૂલ્ય વધાર્યું છે. વિશેષમાં એ અવતરણ ઉપર પોતે

૧ અમદાવાદથી પ્રકાશિત સંસ્કરણમાં જે મહત્ત્વની ભૂલો રહી ગઇ છે તેનું પરિમાર્જન થવું ઘટે. આ ભૂલો બતાવનાર મુનિવર કે કર્તા તો સંપાદક પં. સુખલાલ કે જેમને એ બતાવાઇ છે તેઓ એ ભૂલો પૂરતું શુદ્ધિપત્રક બનતી ત્વરાએ રજૂ કરવા કૃપા કરે. હું આ બાબતને અંગે આજે ફરીથી જાહેરમાં એમનું લક્ષ્ય ખેંચવા રજા લઉં છું.

---

નામવાળા સાથે ગયું નથી તેમજ શાશ્વત કહ્યું પણ નથી; કારણ કે તે માતાપિતાએ માત્ર વ્યવહારમાં ઓળખવાને માટે જ પોતાની ઇચ્છા પ્રમાણે રાખેલું હોય છે. ૧૭-૧૮

જગતમાં નામને અમર રાખવાને માટે કહેવાતા ત્યાગીઓ તથા ભોગીઓ પ્રભુના માર્ગનું ઉલ્લંઘન કરીને ઘણો કલેશ ભોગવે છે; પણ સમ્યગ્જ્ઞાન વગર નામને કોઇ પણ અમર કરી શકયું નથી. ૧૯

બધાય પ્રાણીયોને મોતનો ભય લાગે છે, મોતનું નામ સાંભળતાંજ ધ્રૂજી ઉઠે છે તો મોતનો ભય ટાળી શાશ્વતું જીવન મેળવવાની ઇચ્છાવાળાએ બીજા જીવોને મારવાનો ત્યાગ કરવો જોઇએ. ૨૦

જે જેટલા જીવો મારે છે તે, તેટલા જ મરણ મેળવે છે અને સંસારની ચારે ગતિમાં ભમે છે. ૨૧

સંસારમાં જીવોને પુન્યથી સુખ અને પાપથી જ દુઃખ થાય છે. માણસ જેવું વાવે છે તેવું લણે છે, માટે જ અધર્મી સુખી થાય નહિં અને ધર્મી દુઃખી થાય નહિં. ૨૨

સાચા વિવેક વગરના ધનમાં આંધળા થયેલા પોતાનું તથા પરનું હિતાહિત તથા ધર્મ અધર્મ કયારે પણ જાણતા નથી. ૨૩ —( ચાલુ )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવરણ પણ રચ્યું છે. કેટલીક વાર તો એ સ્વતંત્ર છે, કેમકે એ **વાદમહાર્ણવ**ને અનુસરતું નથી. કઇ કઇ કૃતિમાં **સમ્મઇપયરણની** ગાથાઓ આવે છે એ બાબત ઉપર્યુક્ત સંસ્કરણમાં પાંચમા ભાગમાં ત્રીજા પરિશિષ્ટરૂપે રજૂ થઇ છે એટલે હવે તે તે સ્થળો જોઇ ફક્ત સંકલના જ કરવાની બાકી રહે છે. એ થતાં આપણને આ મહત્ત્વપૂર્ણ કૃતિ ઉપર યશોવિજયગણિ જેવા પ્રતિભાશાળીને હાથે રચાએલી લઘુ ટીકા મેળવવાનો અણધાર્યો લાભ થશે. આ કાર્ય અત્યારે પણ કોઇ હાથ ધરશે તો તે આશીર્વાદરૂપ થઇ પડશે. યશોવિજયગણિના ગ્રંથોના તૂટક તૂટક અંશો પણ એકત્રિત કરવાની ઉત્તમ ભાવના રાખનારે તો આ કાર્ય સત્વર ઉપાડી લેવું જોઇએ. જો આના પ્રકાશન માટે કોઇ પૂરેપૂરી તૈયારી દાખવે તો હું આ કાર્ય હાથ ધરું, જો કે મારી પાસે પુષ્કળ કામ છે.

**સમ્મઇપયરણ**નો સાંગોપાંગ અભ્યાસ કરનારે [1]**વાદમહાર્ણવ**નું પરિશીલન કરવું જોઇએ, પરંતુ આ મહાસાગરમાં પ્રવેશ કરવો એ કંઇ સાધારણ વાત નથી. આને લક્ષ્યમાં રાખીને જૈનાચાર્ય શ્રી **વિજયલબ્ધિસૂરિએ સમ્મતિતત્ત્વસોપાનની** યોજના કરી છે. અને એ કૃતિ "શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાલા"ના પંદરમા મણિ તરીકે છાણીથી ઈ. સ. ૧૯૪૬ માં પ્રકાશિત થઇ છે. એમાં વાદમહાર્ણવને અંગે બે બાબતોની નોંધ છે.

(૧) 'ગૂજરાત વિદ્યાપીઠ' (પુરાતત્ત્વમંદિર) અમદાવાદથી જે સંપૂર્ણ કૃતિ પ્રસિદ્ધ થઇ છે તેમાં હજી કેટલાંક સ્થળો શુદ્ધ ન કહેવાય એવાં છે, અને એથી અભ્યાસીની મુશ્કેલી વધે છે.

(૨) ઉપર્યુક્ત ટીકામાં સળંગ પૂર્વ પક્ષ રજૂ કરી એનો સળંગ ઉત્તર અપાયો છે, એટલે એ પણ જેમની સ્મરણશક્તિ સતેજ ન હોય તેને યાદ રાખવો મુશ્કેલ થઇ પડે તેમ છે.

પ્રસ્તુત સંકલનમાં આ બે મુશ્કેલીનો તોડ કઢાયો છે. પરંતુ તેથી રસક્ષતિ કે સંબંધક્ષતિ ન થાય તેની કાળજી રખાઇ છે.[2]

(૧) અશુદ્ધ સ્થળો પૂરતો ભાગ જતો કરાયો છે.

(૨) પૂર્વપક્ષની થોડી થોડી યુક્તિઓ આપી તેના ખંડનરૂપ ઉત્તર પક્ષ આપી ક્રમશઃ વિષય પ્રશ્નોત્તર-પદ્ધતિએ રજૂ થયો છે.

પ્રસ્તુત સંકલનામાં પ્રત્યેક કારિકાની સંસ્કૃત છાયા અપાઈ છે. વિશેષમાં **વાદમહાર્ણવના** આધારે જ યોજાયેલી આ કૃતિમાં શરૂઆતમાં જ તે તે કારિકાનો સંપૂર્ણ અર્થ અપાયો છે, જ્યારે **વાદમહાર્ણવ**માં તો એ છૂટોછવાયો નજરે પડે છે.

આ સંકલનામાં શરૂઆતમાં સંસ્કૃતમાં "કિંચિદભિદધે" એ નામથી સંકલનકારે થોડુંક વક્તવ્ય રજૂ કર્યું છે. એમાં આ મૂળ કૃતિના[3] નામો વિષે ચર્ચા છે. સંસ્કૃતમાં પૃ. ૧-૪૦ પૂરતો વિષયાનુક્રમ છે. **વાદમહાર્ણવથી** વિભૂષિત **સમ્મઇ-પયરણ**રૂપ પ્રાસાદ પર આરોહણ કરવા માટે ૪૧ સોપાનવાળી આ નિસરણી છે. આ મુદ્રિત કૃતિની એક બે નકલો

૧ આમાં ત્રીજા કાંડની ૬૫ મી ગાથાની વિવૃતિમાં પૃ. ૭૫૪માં મૂર્તિને આભરણોવડે ભૂષિત કરવી કે નહિ એ બાબતની ચર્ચા છે. આ એક હિસાબે અપ્રસ્તુત વિષય ગણાયો છે પણ આવા સ્થળને બાદ કરતાં અનેક દાર્શનિક બાબતોનો આમાં સવિસ્તર ઊહાપોહ છે તેનો તો તલસ્પર્શી અભ્યાસ થવો ઘટે.

૨ પ્રસ્તુત સંકલનાને અંગે ગુજરાતીમાં પ્રારંભમાં "કહેવાજોગું" જે લખાણ છે તેમાં આ પ્રમાણે ઉલ્લેખ છે. એને ચકાસી જોવાનો મેં પ્રયત્ન કર્યો નથી, કેમકે ક્યાં ક્યાં નવું અનુસંધાન કરાયું છે તેની કોઇ નોંધ અપાઈ નથી.

૩ **સમ્મતિ, સમ્મતિતર્ક** અને **સન્મતિ-પ્રકરણ**.

For Private And Personal Use Only

અહીંના જૈન આનંદ પુસ્તકાલયમાં છે. તેમાં ૧૩૧૨૮ ક્રમાંકવાળી નકલ આગમોદ્ધારકે ઉપર ઉપરથી જોઇ છે અને કેટલેક સ્થળે એમણે લખાણ પણ કર્યું છે. આ પરત્વે હું એના લાગતાવળગતાનું ધ્યાન ખેંચું છું.

આમ **સમ્મઇપયરણના** વિશિષ્ટ અભ્યાસ માટે વિવિધ સાધનો છે. એમાં અનુપલબ્ધ ટીકા મળી આવે અને અપ્રકાશિત ટીકા છપાય તેમજ **સમ્મઇ-પયરણના** મુખ્ય મુખ્ય વિષયોને ઉદ્દેશીને નિબંધો રચાય અને એનો લાભ લેવા જેવી જૈન સમાજના મોટા ભાગની મનોવૃત્તિ કેળવાય તો એક પ્રકારનો સંતોષ અનુભવાય.

[ ૩ ]

**સમ્મઇપયરણ** વિષે પ્રાચીન પ્રબંધોમાં ઉલ્લેખ નથી, પરંતુ **દ્વાત્રિંશિકાઓ** વિષે તો નિર્દેશ છે. **કહાવલીમાં** કહ્યું છે કે સિદ્ધસેને **બત્રીસીઓ**વડે જિનની સ્તુતિનો પ્રારંભ કર્યો અને ૩૨ મી બત્રીસી પૂર્ણ થતાં પાર્શ્વનાથની પ્રતિમા પૂર્ણપણે પ્રગટ થઇ. પદ્યાત્મક પ્રાચીન પ્રબંધમાં પણ આ વાત છે અને એમાં 'બત્રીસ બત્રીસીઓ' એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. [1]**પ્રભાવક ચરિત્રમાં** બત્રીસ સ્તુતિઓથી સ્તુતિ કર્યાની હકીકત છે. એટલું જ નહિ પણ એ ગણાવાઇ છે. (૧) વીર-**સ્તુતિ**, (૨) **ન્યાયાવતાર** અને (૩-૩૨) ત્રીસ બત્રીસીઓ.

આજે આપણને **ન્યાયાવતાર** ઉપરાંત એકવીસ બત્રીસીઓ મળે છે. એ બત્રીસીઓ **સિદ્ધસેન** દિવાકરની રચના હોવાનું મનાય છે, એ સાથે જ તેમ હોય તોપણ દસ બત્રીસીઓ અને **ન્યાયાવતારને** ૩૨ બત્રીસીઓમાં ન ગણીએ તો અગિયાર બત્રીસીઓ આપણે ગુમાવી છે. 'આચાર્ય' **સિદ્ધસેન**' એવા ઉલ્લેખપૂર્વક કે 'સ્તુતિકાર' એ નામથી જે પદ્યો મળે છે અને જે ઉપલબ્ધ બત્રીસીઓમાં નથી તે જો પ્રસ્તુત **સિદ્ધસેનનાં** જ હોય તો એ લુપ્ત થયેલી બત્રીસીઓમાંનાં હોવાં જોઇએ. દા. ત. **તત્ત્વાર્થસૂત્ર**( અ. ૧, સૂ. ૧૦ )ની **સિદ્ધસેનીય** ટીકા( પૃ. ૭૧ )માંનું [2]પદ્ય, 'નયાસ્તવ' થી શરૂ થતું પદ્ય અને **વાદમહાર્ણવ**વાળા **સંસ્કરણના** પૃ. ૬૨૦ ના પ્રથમ ટિપ્પણમાં નિર્દેશાયેલું [3]પદ્ય. **આયારની** ચુણ્ણિમાં બત્રીસીઓમાંથી અવતરણો અપાયાનું મને આગમોદ્ધારક કહેતા હતા. એ પદ્યો અત્યારે હું તારવી શકું તેમ નથી. શું એમાંથી કોઇ પદ્ય કોઇ લુપ્ત દ્વાત્રિંશિકાનું છે ખરું ?

ઉપલબ્ધ સાહિત્ય જોતાં એમ જણાય છે કે- **ઉમાસ્વાતિએ** સંસ્કૃતમાં જ કૃતિઓ રચી છે અને કુંદકુંદાચાર્યે પાઇયમાં-જઇણ સોરસેણીમાં જ કૃતિઓ રચી છે. જ્યારે આ બંને મુનિવરો પછી થયેલા **સિદ્ધસેન** દિવાકરે જાણે એઓ એ બંનેના અનુગામી ન હોય તેમ બંને ભાષામાં કૃતિઓ રચી છે. એમની પાઇય કૃતિ આપણે વિચારી ગયા. હવે આપણે એમની ગણાતી સંસ્કૃત કૃતિ નામે **ન્યાયાવતારનો** વિચાર કરીશું.

અજૈન બૌદ્ધ ગ્રંથકારોથી ન્યાયની બાબતમાં કોઇ કોઇ સ્થળે ભિન્ન મત કરનાર અને અન્ય મતનું ખંડન કરનાર **ન્યાયાવતાર** ઉપર હરિભદ્રસૂરિએ વૃત્તિ રચી હતી, એમ ચતુર્વિંશતિ પ્રબંધ( પૃ, ૫૨ )માં એના કર્તા રાજશેખરસૂરિએ કહ્યું છે. બૃહટ્ટિપ્પનીકા પ્રમાણે આ ટીકાનું પરિમાણ ૨૦૭૩ શ્લોકપ્રમાણ જેટલું છે. **જૈન ગ્રંથાવલી** પૃ. ૭૫ માં સુચવાયું છે. પાટણ જ્ઞાનમંદિરમાં આ ટીકાની હાથ પોથી છે. ( ચાલુ )

૧ **પ્રબંધચિંતામણિ**માં બત્રીસીઓની સંખ્યા ( તેમજ **કલ્યાણમંદિરસ્તોત્ર** ) વિષે ઉલ્લેખ નથી, પરંતુ બત્રીસીઓની ૩૨ સંખ્યા **ચતુર્વિંશતિ-પ્રબંધમા** છે.

૨ આનો વિષય જોઇ મેં મૂળ કૃતિનું નામ ઉમેર્યું હશે એમ લાગે છે.

૩ "**एवं कल्पितभेदमप्रतिहतं सर्वज्ञता-लाञ्छनम्**" થી શરૂ થતું પદ્ય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમદ્ દેવચંદ્રજીકૃત વીશ વિહરમાન સ્તવન મધ્યે

# ચતુર્દશમ્ શ્રી ભુજંગસ્વામી જિન સ્તવન.

### સ્પષ્ટાર્થ સાથે.

( સં. ડૉક્ટર વલભદાસ નેણસીભાઇ–મોરબી. )

**પુષ્કલાવઈ વિજયે હો, કે વિચરે તીર્થપતિ,**
**પ્રભુ ચરણને સેવે હો, કે સુર નર અસુરપતિ;**
**જસુ ગુણ પ્રગટ્યા હો, કે સર્વ પ્રદેશમાં,**
**આતમ ગુણની હો, કે વિકસી અનંત રમા. ૧**

**સ્પષ્ટાર્થ**:—પુષ્કલાવતી વિજયમાં વિચરતા સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ તીર્થના પ્રગટ કરનાર, ફેલાવનાર તીર્થપતિ શ્રી ભુજંગસ્વામી પ્રભુને કષાય તથા અજ્ઞાનથી બીલકુલ રહિત, પરમ પવિત્ર પરમાનંદસ્વરૂપ જાણી, મોક્ષમાર્ગમાં ગમન કરવા કુશલ તેમના પવિત્ર ચરણયુગલને મહાન્ રિદ્ધિ–સિદ્ધિના ધારક સુર, અસુર તથા મનુષ્યના ઇંદ્રો, વિષય તથા કષાયજન્ય ભવસમુદ્રથી મુક્ત થવા, બહુ સન્માન સહિત સેવે છે. જે ભગવંતના દરેક પ્રદેશે રહેલા જ્ઞાનાદિ અનંત ગુણો સંપૂર્ણપણે નિર્મલ પ્રગટ થયા છે, તે ગુણનો વ્યાઘાત કરનાર જ્ઞાનાવરણાદિ ઘાતી કર્મનો સત્તા સહિત નાશ કર્યો છે અને તેથી જ્ઞાનાદિ આત્મગુણની સહજ અકૃત્રિમ, સ્વાધીન અને અવિનશ્વર અનંત અનુભૂતિ–( લક્ષ્મી ) પ્રગટ પ્રાપ્ત થઈ છે, નિરંતર તેના સ્વામી તથા ભોક્તાપણે વર્તે છે. પરમાનંદમાં નિમગ્ન છે. ૧

**સામાન્ય સ્વભાવની હો, કે પરિણતી અસહાયી,**
**ધર્મ વિશેષની હો, કે ગુણને અનુજાયી;**
**ગુણ સકલ પ્રદેશે હો, કે નિજ નિજ કાર્ય કરે,**
**સમુદાય પ્રવર્તે હો, કે કર્તા ભાવ ધરે. ૨**

**સ્પષ્ટાર્થ**:–સામાન્ય સ્વભાવ વિના વસ્તુની છતી નહિ, અને વિશેષ સ્વભાવ વિના કાર્ય નહિ. પર્યાય પ્રવૃત્તિ નહિ, માટે પંચાસ્તિકાય તે સદા સામાન્ય વિશેષ સ્વભાવી છે.

જે સ્વભાવમાં એકપણું, નિત્યપણું, નિરવયવપણું, અક્રિયપણું અને સર્વગતપણું હોય તે સામાન્ય સ્વભાવ જાણવા, એવા મૂળ સામાન્ય સ્વભાવ છ છે–અસ્તિત્વં, વસ્તુત્વં, દ્રવ્યત્વં, પ્રમેયત્વં, સત્વં અને અગુરૂલઘુત્વં, તથા ઉત્તરસામાન્ય સ્વભાવ વસ્તુ મધ્યે અનંતા છે. તે સામાન્ય સ્વભાવો સર્વ દ્રવ્યમાં સર્વે સમય નિજ પારિણામિકતાએ પરિણમે છે, તેથી હે ભગવંત ! આપના સર્વ સામાન્ય સ્વભાવો સદાકાલ અસહાયે પરિણમે છે અને હે ભગવંત! આપના સર્વ વિશેષ ધર્મ પોતાના પરમગુણને અનુયાયીપણે પરિણમે છે.

વસ્તુમાં જે ભિન્ન ભિન્ન પર્યાય છે તેનું કાર્ય કારણપણે જે પ્રવર્તન તેની સહકારભૂત જે પર્યાયાનુગત પરિણામી એવા જે સ્વભાવે તે વિશેષ સ્વભાવ છે.

જીવ દ્રવ્યમાં જ્ઞાયકતા, કર્તૃતા, ભોક્તૃતા, ગ્રાહકતા આદિ અનંત વિશેષ સ્વભાવ છે, તેમજ ધર્માસ્તિકાયમાં ગમનસહકારતાદિ, અધર્માસ્તિકાયમાં સ્થિતિસહકારાદિ, આકાશાસ્તિકાયમાં અવગાહનાદિ, પુદ્ગલાસ્તિકાયમાં પૂરણગલનાદિ, એમ પંચાસ્તિકાયમાં અનંત વિશેષ સ્વભાવ છે.

વળી હે ભગવંત ! આપ સ્વતંત્રપણે પોતાના જ્ઞાનાદિક કાર્યના હમેશાં કર્તા છો માટે આપ પરમેશ્વર છો કારણ કે જીવદ્રવ્ય સિવાય અન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ પણ દ્રવ્યનાં કર્તાપણું નથી, કારણ કે "ગુણ સકલ પ્રદેશે હો કે નિજ નિજ કાર્ય કરે" "સમુદાય પ્રવર્ત હો કે કર્તા ભાવ ધરે" આપના સકલ પ્રદેશે રહેલા અનંત ગુણો પોતપોતાનું કાર્ય કરે છે પણ તે સર્વે પ્રદેશે સમુદાય મળીને એકઠી પ્રવૃત્તિ કરે છે માટે આપ સ્વતંત્ર કર્તા છો. ॥ ૨ ॥

**જડ દ્રવ્યચતુષ્કે હો કે કર્તા ભાવ નહિ,**
**સર્વ પ્રદેશો હો કે વૃત્તિ વિભિન્ન કહી;**
**ચેતન દ્રવ્યને હો કે સકલ પ્રદેશ મીલે,**
**ગુણ વર્તના વર્તે હો કે વસ્તુને સહજ બલે ॥૩॥**

**સ્પષ્ટાર્થ:**—પણ હે ભગવંત! જડ દ્રવ્યચતુષ્કમાં કર્તાભાવ ઠરી શકતો નથી, કારણ કે જો કે તે જડ દ્રવ્યના ધર્મ પ્રદેશે પ્રદેશે વર્તે છે પરંતુ સર્વે પ્રદેશોનું એક સમુદાયીપણે કાર્ય પ્રવર્તન નથી; ભિન્ન ભિન્ન પ્રદેશે ભિન્ન કાર્ય હોઇ શકે છે. જેમ ધર્માસ્તિકાય કોઇ પ્રદેશવડે અમુક પુદ્ગલને ચલનસહાયી થાય છે અને તેથી બીજા પ્રદેશે બીજા પુદ્ગલને ચલનસહાયી થાય છે એમ ભિન્ન પ્રદેશો ભિન્નવૃત્તિ હોવાને લીધે જડ દ્રવ્યમાં કર્તાપણું ઠરી શકતું નથી.

પણ હે ભગવંત! જીવ દ્રવ્યનો સહજ સ્વભાવ એવો છે કે તેના જ્ઞાન–દર્શનાદિ સર્વે ગુણોના અવિભાગ પર્યાય દરેક પ્રદેશે છે, તે સર્વે પ્રદેશના ગુણાદિ ભાગ, એક સમુદાયે આવિર્ભાવે થઈ કાર્ય કરે અર્થાત્ એક કાર્યે પરિણમવામાં સર્વે પ્રદેશના ગુણાદિ ભાગ સામર્થ્યપણે પરિણમે, કોઈ પણ પ્રદેશના ગુણાદિ ભાગ તે કાર્યમાં જોડાયા સિવાય રહે નહિ; એમ જીવ દ્રવ્યના સર્વે પ્રદેશ મળી, એક સમુદાયીપણે એક કાર્યે પરિણમે છે. ॥ ૩ ॥

**શંકર સહકારી હો, કે સહજે ગુણ વરતે,**
**દ્રવ્યાદિક પરિણતિ હો, કે ભાવે અનુસરતે;**
**જ્ઞાનાદિક લબ્ધિ હો, કે ન હુવે સહાય વિના,**
**સહકાર અકંપે હો, કે ગુણની વૃત્તિ ઘના. ૪**

**સ્પષ્ટાર્થ:**—એમ દરેક સર્વે પ્રદેશના ગુણવિભાગો એકત્ર એક બીજાને સહકારીપણે સદા પરિણમે. વળી દ્રવ્યક્ષેત્રકાલની પ્રવૃત્તિ તે દ્રવ્યના પરમભાવને અનુસારે વર્તે છે. જેમ જીવ દ્રવ્યનો ભાવ ચૈતન્યતા છે, માટે ચૈતન્ય ગુણ પર્યાયનો એક પિંડ તે જીવદ્રવ્ય છે, અને ચૈતન્ય ગુણને રહેવાનું અસંખ્યાત પ્રદેશમય સ્થાનક તે જીવદ્રવ્યનું ક્ષેત્ર છે; અને ચૈતન્ય ગુણપર્યાયની પ્રવૃત્તિ તે જીવ દ્રવ્યનો કાલ છે–દાન–લાભ–ભોગાદિ લબ્ધિમાં તે વીર્યગુણની સહાય વિના વર્તી શકે નહિ, પણ હે ભગવંત! આપનું વીર્ય ક્ષાયિકપણે હોવાથી ગુણ વૃત્તિના સમૂહને અકંપપણે સહકારી થઇ શકે છે તેથી આપ હમેશાં અબંધ તથા પરમોત્કૃષ્ટ અવસ્થામાં વર્તો છો. ૪

**પર્યાય અનંતા હો કે જે એક કાર્યપણે,**
**વરતે તેહને હો, કે જિનવર ગુણ ભણે;**
**જ્ઞાનાદિક ગુણની હો, કે વર્તના જીવ પ્રતે,**
**ધર્માદિક દ્રવ્યને હો, કે સહકારે કરતે. ૫**

**સ્પષ્ટાર્થ:**–ત્રિલોકપૂજ્ય શ્રી જિનેશ્વર દેવ એમ કહે છે કે–એક કાર્યપણે પરિણમનારા અનંતા છતી પર્યાયનો સમુદાય તે ગુણ છે. જે જાણવારૂપ સામર્થ્ય છે જેમાં એવા અવિભાગી પર્યાયનો સમુદાય તે જ્ઞાનગુણ, દેખવારૂપ સામર્થ્ય છે જેમાં એવા અવિભાગી પર્યાયનો સમુદાય તે દર્શનગુણ, પરિણામાલંબનરૂપ કાર્ય સામર્થ્ય છે જેમાં એવા અવિભાગી પર્યાયનો સમુદાય તે વીર્યગુણ વિગેરે. એમ દરેક દ્રવ્યના પ્રતિપ્રદેશે પોતપોતાનું એક કાર્ય તે વીર્યગુણ વિગેરે એમ દરેક દ્રવ્યના પ્રતિપ્રદેશે પોતપોતાનું એક કાર્ય કરવાનું સામર્થ્ય ધરનારા અનંતા અવિભાગરૂપ પર્યાયનો સમુદાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ગુણ છે. જીવ દ્રવ્યના દરેક પ્રદેશે જાણવારૂપ કાર્ય કરવાનું સામર્થ્ય ધરનારા અનંતા અવિભાગ પર્યાય છે તેનો સમુદાય તે જ્ઞાન-ગુણ–એમ જ્ઞાનાદિ અનંતગુણની વર્તના જીવ દ્રવ્યમાં છે અને ધર્માદિક જડ દ્રવ્યમાં જ્ઞાન-ગુણથી અતિરિક્ત ચલનસહકારાદિક ગુણો વર્તે છે. ૫

**ગ્રાહક વ્યાપકતા હો કે પ્રભુ તુમ ધર્મ રમી,**
**આતમ અનુભવથી હો, કે પરિણતિ અન્ય વમી;**
**તુજ શક્તિ અનંતી હો, કે ગાતાં ને ધ્યાતાં,**
**મુજ શક્તિ વિકાસન હો, કે થાયે ગુણ રમતાં. ૬**

**સ્પષ્ટાર્થ**:—હે પ્રભુ! ભેદવિજ્ઞાનની પૂર્ણતાવડે આપ નિરંતર જ્ઞાનાદિક શુદ્ધાત્મ ગુણના ગ્રાહક છો. તેથી અતિરિક્ત વિષયકષાયને ગ્રહણ કરવાથી આપ મુક્ત થયા છો. તેમજ આપની વ્યાપકતા પણ જ્ઞાનાદિક શુદ્ધાત્મ ગુણમાં જ નિરંતર વ્યાપે છે. પણ વિષયકષાયમાં કદાપિ કાલે વ્યાપે નહિ તેથી આપ સદા, પરભાવથી અવ્યાપ્ત છો તથા નિત્ય શાશ્વત સ્વાધીન અને એકાંતિક સહજ સુખ પિંડ શુદ્ધાત્મ દ્રવ્યની અનુભૂતિનો નિરંતર આસ્વાદ લેનારા તથા તેમાં જ વિલાસી થઇ પૌદ્ગલિક વિભૂતિનું કર્તાપણું, ભોક્તાપણું, તથા રમણપણું વચનની પેઠે સર્વથા પ્રકારે તજી દીધું, કારણ કે શુદ્ધાત્મ ' અનુભવરૂપ અમૃતપાનમાં મગ્ન પુરુષ પૌદ્ગલિક વિષયકષાયરૂપ હલાહલ વિષ પીવાને કેમ ઇચ્છે?

હે પ્રભુ! કર્તૃત્વશક્તિ–ભોક્તૃત્વ શક્તિ, પરિણામ શકિત, સ્વધર્મ ગ્રાહકત્વ શક્તિ, સ્વધર્મ વ્યાપકત્વ શકિત, તત્ત્વશકિત, એકત્વ શકિત, અનેકત્વ શકિત, કારણ શકિત, સંપ્રદાનશકિત, અપાદાન શકિત, અધિકરણ શકિત, સંબંધશકિત, એ આદિ અનંત શકિત આપમાં સમવાય સંબંધે રહેલી છે તે શકિતઓનું સ્મરણ તથા ધ્યાન કરતાં તથા શુદ્ધાત્મ ગુણમાં રમણ કરતાં સત્તાગતે રહેલી આપ સમાન મારી સર્વ શકિતઓ પ્રગટ થાય, સહજ શિવ-લક્ષ્મીની પ્રાપ્તિ થાય. ॥ ૬ ॥

**ઇમ નિજગુણ ભોગી હો, કે સ્વામી ભુજંગ મુદા,**
**જે નિત વંદે હો, કે તે નર ધન્ય સદા;**
**દેવચંદ્ર પ્રભુની હો, કે પુણ્યે ભક્તિ સધે;**
**આતમ અનુભવની હો, કે નિત નિત શકિત વધે. ૭**

**સ્પષ્ટાર્થ**:—એમ શુદ્ધાત્મ ગુણપર્યાયને નિરંતર ભોગવનારા પરમાનંદસમૂહ હે શ્રી ભુજંગસ્વામી! પવિત્ર ભાવવડે જે આપનું નિત્ય વંદન, સ્મરણાદિ કરે છે, તેજ પુરુષો આ જગત્‌મયમાં ધન્ય છે. તેજ પુરુષો સ્તુતિપાત્ર છે, તેજ પુરુષો કૃતાર્થ છે. હે દેવાધિદેવ! આપની ભકિત, મહત્પુણ્યના યોગેજ સાધી શકાય છે. વળી આપની જ ભકિતના પસાયે બીજના ચંદ્રમાની પેઠે આત્મ–અનુભવની શક્તિ દિન–પ્રતિદિન વૃદ્ધિંગત થાય, આખરે પૂર્ણાનંદની પ્રાપ્તિ થાય. ॥ ૭ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીરસ્વામીજીનું હાલરડું.

( મારા ચાખડીના ચડનાર, કુંવર હે ચેલૈયા રે–એ રાહ. )

મારા મનડાના હરનાર ! કુંવર હે વૈશાલી રે...વૈશાલી ખમા તને;
રે કુંવર ખમા તને. ( ટેક૦ )
મારા પ્રાણુતણા આધાર ! કુંવર હે વૈશાલી રે...વૈશાલી ખમા તને;
રે કુંવર ખમા ખમા મારા મનડાના૦ ( ૧ )

( સાખી. )

એ...છપ્પન દિગકુંવરી કરે, પ્રથમ જન્મોચ્છવ સાર;
વિવિધ પ્રસૂતિ કરણી કરી, કરે નાટારંભ ઉદાર રે,
હે વૈશાલી ! રે હે વૈશાલી ! ખમા તને, ઓ કુંવર ખમા ખમા;;
પ્યારા ગુણ ગણકેરા ભંડાર ! કુંવર હે વૈશાલી રે...વૈશાલી ખમા તને;
રે કુંવર ખમા ખમા. મારા૦ ( ૨ )

( સાખી. )

એ...ચોસઠ ઇંદ્રો હળીમળી, મેરુગિરિશિખરે જાય;
સ્નાત્ર મહોત્સવ રંગથી, કરતાં કર્મમલ દૂર પલાય રે;
હે વૈશાલી રે ! હે વૈશાલી ! ખમા તને, રે કુંવર ! ખમા ખમા.
તારું હાલરડું પરમ સુખકાર, હે વૈશાલી રે ! વૈશાલી ખમા તને.
રે કુંવર ખમા ખમા. મારા મનડાના૦ ( ૩ )

( સાખી. )

એ...ચરણ અંગૂઠડે મેરુ તેં, કંપાવ્યો ત્રિશલાનંદ !
ઇંદ્ર શંકા દૂરે ટળી, વીર ! અતુલબલી ! સુખકંદ રે;
હે વૈશાલી રે ! હે વૈશાલી ! ખમા તને, રે કુંવર ખમા ખમા.
ગાઉં હાલરડું જગ મંગલકાર, હે વૈશાલી રે ! વૈશાલી ખમા તને.
રે કુંવર ખમા તને. મારા મનડાના૦ ( ૪ )

( સાખી. )

એ...વિશ્વબંધુ વિશ્વંભરુ, વિશ્વ–વંદ્ય વડવીર;
સિદ્ધારથ કુલ ચંદ્રમા, વર્ધમાન હે મહાવીર ! રે–
હે વૈશાલી રે ! હે વૈશાલી ખમા તને, ઓ કુંવર ખમા ખમા.
**નેમિ-લાવણ્ય-દક્ષ** સુખકાર ! કુંવર હે વૈશાલી રે ! વૈશાલી ખમા તને.
રે કુંવર ખમા ખમા મારા મનડાના૦ ( ૫ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જિન સ્તવન.

( રચયિતાઃ—જવાનમલ ફુલચંદજી નાગોત્રા સોલંકી. )

( રાગ–દેખી શ્રી પાર્શ્વતણી. )

મૂર્તિ દીઠી છે મહાવીરની સોહામણી,
જોતાં તે હર્ષ ઉભરાય રે, સ્વામિજી સેવકને તારો.
પ્રભુજી શિવસુખ આપો. ૧

ત્રિશલા માતાની પ્રભુ કૂખે ઉપન્યા,
નામ પાડયું વર્ધમાન રે. સ્વા. પ્ર. મૂર્તિ. ૨

રમત ગમ્મતમાં પ્રભુ મોટા તો થયા,
આઠ વર્ષ એમ જાય રે. સ્વા. પ્ર. મૂર્તિ. ૩

બાલકોની સાથે પ્રભુ રમત રમતા,
આવ્યો ભયંકર નાગ રે. સ્વા. પ્ર. મૂર્તિ. ૪

નાગ દેખી બધા નાસી ગયા પણ,
મહાવીરે ફેંકયો તે નાગ રે. સ્વા. પ્ર. મૂર્તિ. ૫

દેવ હારીને પ્રભુ પાય પડ્યો છે,
નામ પાડયું **મહાવીર** રે. સ્વા. પ્ર. મૂર્તિ. ૬

લગ્ન કરી, પછી દીક્ષા લઈને,
પામ્યા તે કેવળજ્ઞાન રે. સ્વા પ્ર. મૂર્તિ. ૭

તીર્થંકર થઇ પ્રભુ મોક્ષે સિધાવ્યા,
બાલ મંડલ ગાવે ગુણ રે. સ્વા. પ્ર. મૂર્તિ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન સાહિત્યના પ્રચાર માટે જૈન સમાજે પ્રયત્નવાન થવું જોઇએ.

જૈન દર્શનનું સાહિત્ય અતિ મૂલ્યવાન છે. તેનો દેશ-પ્રદેશોમાં જો તેનો વિપૂલ રીતે પ્રચાર થાય તો ખરી કિંમત અંકાય તેમ છે એટલું જ નહિં પરંતુ દેશ-પરદેશના દર્શનશાસ્ત્રના અભ્યાસીઓ જેમ તેની કિંમત કરી શકે તેમ છે, તેમ જૈન ધર્મનું જૂનું સ્થાન મેળવવા માટે સાહિત્ય પ્રચાર પણ એક અંગ બની શકે તેમ છે. અને તેવા વિદ્વાનોના હાથમાં હજી પહોંચ્યું નથી તે માટે દક્ષિણવિહારી પૂજ્ય આચાર્યદેવ શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ પ્રશિષ્ય સાહિત્ય-ઇતિહાસ અને ન્યાયના નિષ્ણાત પૂજ્ય જમ્બૂવિજયજી મહારાજ તેના પ્રચાર માટે સદા પ્રયત્નશીલ છે તે નીચેના ઇંગ્રેજી પત્ર અને તેનો અનુવાદ વાંચવાથી માલમ પડે તેમ છે.

HARVARD UNIVERSITY
Department of Indic Philology
Widener Library 273
Cambridge 38, Mass.

Daniel H. H. Ingalls
Chairman.

March 21, 1952.

**Jain Muni Jambuvijay,**
**% Jain Atmanand Sabha,**
P. O. **Bhavnagar. India.**

Dear Sir,

I beg to acknowledge with thanks your gift of the following two books to the Harvard College Library.

1) Srīmat Sūtrakṛtāṅgam, Part 1 ( prathamaḥ śrutaskandhaḥ ) with commentary and ṭippani.
2) Śrī-Śāstravarttāsamuccayaḥ of Śrī Haribhadra Suri.

In the past, the scriptures and philosophy of Hinduism and Buddhism have been far better represented in our library than those of Jainism. Your books come, thorefore, not only as a welcome but as a most valuable addition to our, collection.

Yours very sincerely,
**Daniel H. H. Ingalls.**

---

હારવર્ડ યુનિવર્સિટી
ડીપાર્ટમેન્ટ ઓફ ઇન્ડીક ફાયલૉલોજી,
વાઇડનર લાયબ્રેરી ૨૭૩
કેમ્બ્રીજ ૩૮ માસ.
પ્રમુખ : ડેનીયલ એચ. એચ. ઇન્ગોલ્સ

જૈન મુનિ જમ્બૂવિજયજી,
ઠે૦ આત્માનંદ સભા, ભાવનગર.

વહાલા સાહેબ,

હારવર્ડ કોલેજ લાયબ્રેરીને આપે ભેટ મોકલેલ નીચેના બે પુસ્તકો સાભાર સ્વીકારું છું.

(૧) શ્રીમત્સૂત્રકૃતાંગ, ભાગ ૧ લો. ટિપ્પણ સહિત.
(૨) શ્રી શાસ્ત્રવાર્તાસમુચ્ચય, શ્રી હરિભદ્રસૂરિકૃત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગાઉ અમારી લાયબ્રેરીમાં જૈન દર્શનના શાસ્ત્રો અને તત્વજ્ઞાનના પુસ્તકો કરતાં અમારી લાયબ્રેરીમાં હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મના પુસ્તકો વધારે મોટા પ્રમાણમાં હતા તેથી તમારા પુસ્તકોએ અમારા પુસ્તક સંગ્રહમાં આવકારદાયક જ નહિ પણ અત્યંત કિંમતી વધારો કર્યો છે.

તમારો–ડેનીયલ એચ. એચ. ઈન્ગોલ્સ

## આ સભાના ( કથારત્નકોષ ગ્રંથ ) સાહિત્ય માટે અભિપ્રાય.

તા ૨૦–૩–૫૨:–પાલીતાણા

શ્રી આત્માનંદ જૈન સભાદ્વારા પ્રકાશિત ' શ્રી કથારત્નકોશ 'નું દળદાર પુસ્તક સુશ્રાવક શ્રી વલ્લભદાસભાઇ ગાંધી કે જેઓ સંસ્થાના પ્રાણ સમા છે, તેમના હસ્તક મલ્યું. પૂ૦ આ૦ શ્રી દેવભદ્રસૂરિજી મ૦ ની આ કૃતિ ખૂબ જ વિશિષ્ટ, ઉપયોગી તથા જૈન કથા સાહિત્યમાં આકર–સંગ્રહ ગ્રંથ સમાન છે. શ્રી મહાવીર ચરિત્રના ગ્રંથકર્તાની આ રચના તેઓનું બહુશ્રુતપણું તથા પ્રાકૃત ભાષાનું પ્રભુત્વ દર્શાવે છે. ગ્રંથમાં અનેકવિધ વિષયોને સુંદર રીતે સંકલિત કરવામાં આવ્યા છે.

આવા અનુપમ ગ્રંથના અનુવાદની આવશ્યકતા હતી, જે કાર્ય સંસ્થાએ હાથ ધરીને સર્વાંગસુંદર રીતે પાર પાડયું છે, તે બહુજ આનંદનો વિષય છે. મૂલ ગ્રંથ પણ સંસ્થા દ્વારા અનેક ઉપયોગી ટીપ્પણો સાથે પ્રસિદ્ધ થયો હતો. આજે ભાષાંતરરૂપે ફરી સંસ્થા પ્રકાશિત કરે છે. કહેવું જોઇએ કે ' શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર એક એવી જૈન સમાજની સંસ્થા છે, કે જૈન સાહિત્યના અત્યુત્તમ ગ્રંથરત્નો સંસ્કૃત, પ્રાકૃત તથા ગૂર્જર ભાષામાં પ્રસિદ્ધ કરતી રહી છે. સંસ્થાનાં પ્રત્યેક પ્રકાશનો મૌલિક, તથા છેલ્લામાં છેલ્લી સંપાદન પદ્ધતિપૂર્વકનાં હોવાથી ખૂબ જ લોકોપયોગી હોય છે. સુંદર, સુઘડ તથા આકર્ષક રૂપરંગમાં પ્રત્યેક પુસ્તકો પ્રસિદ્ધ થાય છે.

' કથારત્નકોશ ' ગ્રંથ પણ એ રીતે બાહ્યથી પણ કલાત્મક પદ્ધતિએ પ્રસિદ્ધ થયો છે. આવા પ્રકાશનોની પ્રસિદ્ધિમાં સંસ્થાના વ્યવસ્થાપકોની દૃષ્ટિ જાગ્રત છે, એમ ઘડીભર લાગ્યા વિના રહેતું નથી.

આમાં સભાના માનદમંત્રી સાહિત્યસેવી ભાઇ વલ્લભદાસ ગાંધીની જહેમત, લાગણી અને સુરુચિ પ્રશંસાપાત્ર છે.

આ રીતે, પૂ૦પાદ પરમગુરુદેવ સૂરિપુરંદર આચાર્ય મહારાજશ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજના પુણ્યાભિધાનથી સંકળાયેલ સંસ્થા શ્રી આત્માનંદ સભા જૈન સાહિત્યની યશસ્વી સેવા દીર્ઘકાલપર્યંત કરતી રહો ! એ જ એક શુભ અભિલાષા. સિદ્ધક્ષેત્ર; પં૦ શ્રી કનકવિજયજી.

## સુધારો.

૧. **સીમંધર–શોભાતરંગની** સમાલોચના ગયા અંકના પા૦ ૧૨૪ મેં આપેલી છે, જેમાં મૂળ ગ્રંથ શ્રી ગુણનિધાનસૂરિજીના શિષ્ય સેવકે રચેલો છે તેમ જણાવેલ છે, પરંતુ સંપાદકીય–વક્તવ્ય કે જે સંપાદક વિદ્વાન મુનિવર શ્રી અભયસાગરજી મહારાજે લખેલ છે તે વાંચતાં "**સા. તેજપાલ**" ગ્રંથકર્ત્તા અને પ્રતના ચિત્રો બનાવનાર **સા. કલ્યાણ** છે એમ સિદ્ધ કર્યું છે.

૨. તેમાં આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના પ્રોત્સાહનથી સંપાદક મહારાજશ્રીએ સંકલના કરી છે એમ લખ્યું છે, તેને બદલે પૂજ્ય સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ પછી પાલીતાણામાં ચાતુર્માસ બિરાજમાન શ્રીમાન્ ચંદ્રસાગરસૂરિજી મહારાજના પ્રોત્સાહનવડે સંપાદનકાર્ય થયું છે તેમ વાંચવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## ભારતની પ્રજાની સેવા માટે, શ્રી ભોગીલાલભાઇની રાજસભા ( કાઉન્સીલ ઑફ સ્ટેટ ) માં થયેલ વરણી.

### તે માટે શ્રી ભાવનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે કરેલો અનુપમ સત્કાર.

સૌરાષ્ટ્રના મહાન ઉદ્યોગપતિ દાનવીર પુણ્ય પ્રભાવક પુરુષ શેઠ **ભોગીલાલભાઇ મગનલાલ** મહાલક્ષ્મી મીલવાળાની ભારત રાજસભામાં સભ્ય તરીકે વરણી થવાથી જૈન સમાજની રાષ્ટ્ર ભાવના બહાર આવી છે અને તેથી ભારત સરકારની વધુ નિકટ જૈન સમાજ આવેલ હોઇ તે પ્રશંસનીય છે. તેની ખુશાલીમાં શ્રી ભાવનગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ તરફથી એક ભાવભીનો સત્કાર સમારંભ તા. ૩૦-૩-૫૨ રવિવારના રોજ **મહેતા બળવંતરાય ગોપાળજી**ના પ્રમુખપણા નીચે શ્રી સમવસરણના વંડામાં યોજાયો હતો. મંડપને સુશોભિત કરવામાં આવ્યો હતો, જૈન જૈનેતર બ્હેનો ભાઇઓ વગેરેની શુમારે ચાર હજાર માણસોની મેદની વચ્ચે સમારંભની શરૂઆત થઇ હતી. મંગળાચરણ થયા બાદ શેઠશ્રી ગુલાબચંદ આણંદજીની દરખાસ્ત અને શ્રી જગજીવનદાસ ભગવાનદાસના ટેકાથી શ્રીયુત બળવંતરાયભાઇએ પ્રમુખસ્થાન લીધું હતું.

બહારગામના સૌરાષ્ટ્રના પ્રધાનો, ઉદ્યોગપતિઓ, જૈન સંઘ, સંસ્થાઓ વગેરેના શુભાશીષના દોઢસો ઉપરાંતના સંદેશાઓ શ્રીયુત વિઠ્ઠલદાસ મૂળચંદે વાંચી સંભળાવ્યા હતા. બાદ ભાવનગર શ્રી સંઘના સેક્રેટરી શ્રીયુત જુઠાભાઇએ કહ્યું કે–શ્રીયુત ભોગીલાલભાઇ અહિં આવ્યા ત્યારથી તેમનો જૈન જૈનેતરે સારો લાભ લીધો છે, તેમનામાં શહેરી તરીકેના ઘણા ગુણો છે અને ભારત સરકારની રાજસભામાં તેઓ પ્રતિનિધિ નિમાણા માટે આ સમારંભ શ્રી સંઘે યોજ્યો છે.

ત્યારબાદ શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ શેઠશ્રીની ઉદાર ભાવના માટે, શ્રી હરજીવનદાસ કાળીદાસે શેઠ સાહેબની વિશાળ દૃષ્ટિ અને ઉદારતા માટે, શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશીએ શેઠ સાહેબની વિવેકદૃષ્ટિ માટે, અમદાવાદવાળા શેઠ અમૃતલાલભાઇ કાળીદાસે પોતાનો લાંબા વખતનો શેઠશ્રી ભોગીલાલભાઇની



**શ્રીયુત્ બળવંતરાય ગોપાળજી મહેતા.**

સાથેના પરિચયને લઇને શેઠ સાહેબની શક્તિ, કાર્યકુશળતા અને ઉદારતા વગેરે માટે, પાલીતાણાવાળા ડૉક્ટર બાવીશીએ શેઠશ્રીના દાન અને દયાળુપણા માટે, મુનિશ્રી કલ્યાણચંદજીએ શેઠની વિશાળ દૃષ્ટિ, કર્તવ્યપરાયણતા, રાષ્ટ્રપ્રેમ, સહૃદયતા વગેરે ગુણો વિષે વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

ત્યારબાદ વકીલ ચત્રભૂજ જેચંદભાઇએ માનપત્ર વાંચી સંભળાવ્યું હતું અને શ્રી સંઘના સેક્રેટરી શેઠ જુઠાભાઇએ અભિનંદનપત્ર રૂપાના કાસ્કેટ સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠ સાહેબ ભોગીલાલભાઇને અર્પણ કરવા પ્રમુખ સાહેબને વિનંતિ કરતાં શ્રીયુત બળવંતરાયભાઇએ શેઠશ્રી ભોગીલાલભાઇને અર્પણ કર્યું હતું. અને શ્રી સંઘના ફૂલહાર અર્પણ કર્યા બાદ સ્થાનિક અને ગોહિલવાડના સંઘો, સંસ્થાઓના બ્હારગામથી શેઠ સાહેબનો સત્કારવા આવેલ પ્રતિનિધિઓ તરફથી (શુમારે સવાસો ઉપરાંત) ફૂલહારો શેઠ સાહેબને પહેરાવી (અર્પણ કરી) સત્કાર



**શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શેઠ.**

કરવામાં આવ્યો હતો. સન્માનની ભાવભીની વિધિ, પ્રેમ અને લાગણીથી ઉભરાઇ જતી હતી. તે પૂર્ણ થયા બાદ શેઠ સાહેબ ભોગીલાલભાઇએ પોતાને આપેલ આ માન માટે સર્વનો ઉપકાર માન્યો હતો અને આ માન મને નહિં પણ કોંગ્રેસને છે. માનપત્રમાં મારા માટે જે કહેવાયેલ છે તેવું મેં કર્યું નથી. અને પરમાત્માએ મારામાં કરેલી પ્રેરણાથી જે થોડું ઘણું બની શકયું તે કર્યું છે વગેરે વકતવ્યથી પોતાની લઘુતા હૃદયપૂર્વક રજૂ કરી હતી. બળવંતરાયભાઇ જેવા સેવાના મહારથી મારી સાથે છે તેથી દેશના સમસ્ત હિતને લક્ષમાં રાખી સૌરાષ્ટ્રના હિત માટે બની શકે તેટલું કરીશ તેમ જણાવી ફરીથી સૌનો ઉપકાર માન્યો હતો. ત્યારબાદ પ્રમુખસ્થાનેથી શ્રીયુત બળવંતરાય મહેતાએ શ્રીયુત ભોગીલાલભાઇના ગુણો, કુશાગ્રબુદ્ધિ, એક અસાધારણ ઉદ્યોગપતિ તરીકે પ્રશંસા કર્યા બાદ શેઠ ભોગીલાલભાઇએ બધી પ્રવૃત્તિમાંથી નિવૃતિ લઇ હવે રાષ્ટ્રસેવાની દીક્ષા લીધી છે વગેરે પ્રમુખસ્થાનેથી જણાવ્યું હતું.

બીજે દિવસે શેઠ સાહેબ ભોગીલાલભાઇના સન્માનાર્થે અને **શ્રી રમણિકલાલભાઇ ભોગીલાલભાઇ** યુરોપ અમેરીકાની મુસાફરીએ જવાના હોવાથી તેમની સફર સફળ ઇચ્છવા શ્રી બળવંતરાયભાઇના પ્રમુખપણા નીચે જૈન સમાજની સર્વ જ્ઞાતિઓ તરફથી મેળાવડો કરવામાં આવ્યો હતો. મંગળાચરણ વગેરે થયા બાદ શ્રી રમણિકલાલભાઇએ જણાવ્યું કે—આ મુસાફરી કરવાનો મારો હેતુ આપણા દેશમાં ઉદ્યોગધંધાનો કેમ વિકાસ થાય, દેશની ગરીબાઇ કેમ દૂર થાય તે સંબંધો જ્ઞાન મેળવવાનો છે. વગેરે વક્તવ્ય રજુ કર્યું હતું.

પ્રમુખસ્થાનેથી બળવંતરાયભાઇએ જણાવ્યું કે–શેઠ ભોગીલાલભાઇમાં જે ભાવના, ઉદારતા છે તે શેઠ



**શેઠશ્રી રમણિકલાલ ભોગીલાલભાઈ**

For Private And Personal Use Only

શ્રી રમણિકલાલભાઈમાં વારસામાં ઉતરી છે. કોંગ્રેસ અને જૈન સમાજના મત એક છે.

મને સ્વપ્નો સેવવાનો શોખ છે અને ચાર સ્વપ્નો ભાવનગર જૈન સમાજ માટે મારા જીવનમાં પડ્યા છે.

**પ્રથમ સ્વપ્ન:**—ભાવનગરમાં (શ્રી જૈન આત્માનંદ સભા શ્રી આત્મકાન્તિ જ્ઞાનભંડારમાં) બે હજાર લખેલી સુંદર પ્રતો છે. ખૂબ ચિંતન અને ભક્તિભાવે લખાયેલી છે જેમાં જૈનધર્મના મહામૂલા અનેકાંતવાદ, ષડદર્શનનું સ્વરૂપ રજૂ કરવામાં આવેલ છે. એ પ્રતોનું સાહિત્ય આજની પ્રજાને ઉપયોગમાં આવે તે રીતે જનતા સમક્ષ મૂકવું તે જૈન સંઘનું પરમ કર્તવ્ય છે. બસો પ્રતોનું સંશોધન પ્રકાશન થયું છે, પણ હજી બાકી છે તે કાર્ય જરૂર ઉપાડવું ઘટે.

**બીજું સ્વપ્ન**—જેસલમેર પ્રાચીન જ્ઞાનભંડાર રત્નસંગ્રહનું હાલમાં પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ મહામૂલા સાહિત્યનું સંશોધન કરી રહ્યા છે, જેમાં ગુજરાતનો સળંગ ઈતિહાસ પડ્યો છે તે સંશોધન-કાર્યને વેગ આપવાની જરૂર છે.

**ત્રીજું સ્વપ્ન**—અમદાવાદમાં ચાલે છે તે પ્રમાણે સૌરાષ્ટ્રમાં જૈન ચેર સ્થાપવાની જરૂર છે.

**ચોથું સ્વપ્ન**—વલ્લભીપુરના પુરાતત્ત્વો, આ શહેરમાં જૈન શાસ્ત્રો લિપિબદ્ધ થયા છે. ભૂગર્ભોમાં અનેક પુરાતત્ત્વો પડ્યા છે. તેનું પદ્ધતિસર સંશોધન કરવાની જરૂર છે વગેરે જૈન સમાજને ઉપયોગી વિષયો ઉપર વિવેચન કર્યું હતું. ત્યારબાદ અલ્પાહાર પછી મેળાવડો વિસર્જન થયો હતો.

---

**માન્યવર બળવંતરાયભાઈ ગોપાળજી મહેતાએ લીધેલી શ્રી જૈન આત્માનંદ સભાની વીઝીટ (મુલાકાત.) શ્રી જૈન આત્માનંદ સભા માંહેના સભાના સાહિત્ય પ્રકાશનો, જ્ઞાનમંદિર અને તે માંહેની હસ્તલિખિત પ્રાચીન પ્રતોનું દિગદર્શન કરવા તપાસવાની ઈચ્છા હોવાથી કરવામાં આવેલું આમંત્રણ.**

તા. ૧ લી એપ્રીલ મંગળવારના રોજ સવારના સાડા નવ વાગે સભામાં તેઓશ્રી, શેઠ સાહેબ ભોગીલાલભાઇ, વોરા ખાન્તિલાલભાઇ, પેટ્રન સાહેબે. શ્રી બળવંતરાયભાઇ સભામાં ઉપરોક્ત કારણે વીઝીટ લેવા આવવાના ખબર અગાઉ શ્રી મેનેજીંગ કમીટીના સભ્યો વગેરેને આપવાથી સર્વ આવ્યા હતાં. બળવંતરાયભાઇએ જ્ઞાનમંદિર, તેની વ્યવસ્થા, તે માંહેની સુરક્ષિત હસ્તલિખિત ૨૦૦૦)પ્રતો જોઇ સભાની ખૂબ પ્રશંસા કરી હતી. ત્યારબાદ સભાના મુખ્ય સેક્રેટરી ગાંધી વલ્લભદાસે સભાનો ઈતિહાસ સંક્ષિપ્તમાં કહ્યા બાદ મૂળ (પ્રાકૃત, સંસ્કૃત) અને અનુવાદોના પૂર્વાચાર્યોરચિત શુમારે બસો ગ્રંથોના પ્રકાશનોની હકીકત અને સુંદર ગ્રંથો દૃષ્ટિગોચર કર્યા હતા, એ સર્વ જોઇ શ્રીયુત બળવંતભાઇએ ઘણો જ સંતોષ વ્યક્ત કર્યો હતો, તેમજ હજી પણ વિશેષ સાહિત્યનું વધુમાં વધુ પ્રકાશન કરવા જૈનચેરની સ્થાપના કરવા તેમજ સાહિત્ય સેવાભાવી વલ્લભદાસભાઇને પોતાના વારસદાર તરીકે એક ભાઇને તૈયાર કરવા સૂચન કર્યું હતું. રા. રા. શેઠ શ્રી ભોગીલાલભાઇ રાજસભામાં ચૂંટાયા તે માટે કોંગ્રેસ, સૌરાષ્ટ્ર સરકારનો આભાર માન્યો અને શેઠ સાહેબ રાજસભામાં ચૂંટાયા માટે ખુશાલી વ્યક્ત કરી અને છેવટે શ્રીયુત રમણિકલાલભાઇની સફળ સફર ઇચ્છી બંને પિતા પુત્ર વિશેષ યશસ્વી નિવડો તેમ આનંદપૂર્વક વ્યક્ત કર્યું હતું બાદ અલ્પાહાર લઇ હારતોરા એનાયત કરવામાં આવ્યા હતા.

પટ્ટધરપદવી —— પ્રદાન [illegible]

**[illegible] તથા પ્રતિષ્ઠા.**

ફાલ્ગુન શુદી ૧૦ મીએ વડોદરા શહેરના સમસ્ત શ્રી સંઘ માટે આનંદનો દિવસ હતો. શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય ઘડિયાળી પોળ માનવ-મેદનીથી ઉભરાઈ જતો હતો.

પંજાબકેસરી યુગવીર જૈનાચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સહેબે પોતાના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિષ્યો પંન્યાસ **સમુદ્રવિજયજી** અને **પૂર્ણાનંદ-વિજયજીને ઉપાધ્યાય** પદવીથી વિભૂષિત કર્યા હતા.

આચાર્ય **શ્રી ઉમંગસૂરિજી** મહારાજ પંજાબ પધારવાના હોઈ પોતાનો ભાર એઓને સોંપ્યો હતો.

જાસુદબેનને દીક્ષા આપવામાં આવી. નામ જશોદાશ્રીજી રાખી ૐકારશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કર્યા હતા. વડોદરા શ્રી સંઘ તેમજ શ્રી શત્રુંજયતીર્થાવતાર પ્રાસાદની પ્રતિષ્ઠા પ્રસંગે મુંબઈ આદિ અનેક ગામનગરોથી પધારેલા ભાઇઓ સાથે મળી પંજાબકેસરી યુગવીર આચાર્ય **શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજને **"શાસનસમ્રાટ"**ની પદવીથી વિભૂષિત કર્યા, પણ પંજાબકેસરીએ આ પદવીનો સંપૂર્ણ હૃદયપૂર્વક અસ્વીકાર કર્યો હતો. લોકો ઉત્સાહમાં આવી "શાસનસમ્રાટ"ના જય–નાદોથી ઉપાશ્રયને ગજાવતા હતા તેમ તેમ પંજાબકેસરી આચાર્ય મહારાજે નહિં, નહિં, કહી અસ્વીકાર કર્યો હતો. ફાલના મુકામે અધિવેશન વખતે શ્રી જૈન સંઘે પ્રયત્ન કર્યો હતો પણ પંજાબકેસરીએ ત્યાં પણ સાફ ઇન્કાર કર્યો હતો, અને "મને પદવી ન જોઈએ, કામ જોઇએ છે, કંઇ કામ કરી દેખાડો." ઇત્યાદિ.

## પ્રતિષ્ઠા

મહાત્મા ગાંધી રોડ પર આવેલ આદીશ્વરપ્રભુનું પ્રાચીન મંદિર જીર્ણ થતાં શ્રી સંઘે મૂળ પાયાથી જ ત્રણ મજલીય અને ત્રણ શિખરીય ગગનચુંબી વિશાળ "શ્રી શત્રુંજયતીર્થાવતાર પ્રાસાદ નામનું" મંદિર બંધાવેલ જેની પ્રતિષ્ઠા વગેરે વિશાળ સાધુ, સાધ્વી સમુદાય સહિત આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પોતાના પુનીત વરદ હસ્તે કરાવી હતી, તેમજ શ્રી પુંડરીકસ્વામીજી તથા ગૌતમસ્વામીજી, સુધર્માસ્વામીજી અને વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ તેમજ શિલ્પશાસ્ત્રમહોદધિ આચાર્ય શ્રી જયસિંહસૂરિજી મહારાજની પ્રતિમાઓ તેમજ શાન્તમૂર્તિ શ્રી હંસવિજયજી મહારાજની ચરણપાદુકા વગેરેની પ્રતિષ્ઠા ધામધૂમપૂર્વક થઈ હતી. એકાદશીએ શ્રી શત્રુંજયતીર્થાવતારપ્રાસાદની ઉદ્ઘાટન ક્રિયા કરાવવામાં આવી. મુખ્ય કાર્યકર્તા વાડીલાલ મગનલાલ વૈદે ઊભા થઇ આ શુભ કાર્ય માટે મારાથી કોઇ કારણે જે કોઇના દિલ દુભાયા હશે તે બદલ હું સંઘની માફી ચાહું છું તેમ જણાવ્યું હતું.

## ડેપ્યુટેશન

ફાગણ વદિ પ્રતિપદાએ શ્રી સંઘનું (પચાસ પંજાબી આગેવાનોનું) ડેપ્યુટેશન આચાર્યશ્રીજીને પંજાબ જલદી પધારવા વિનંતી કરવા આવ્યું.

## સંક્રાન્તી:

મુંબઇથી અહિં ત્રીજી વાર આવેલ ડેપ્યુટેશન શેઠ ફુલચંદ શામજી, કાંતિલાલ ઇશ્વરલાલ વગેરેએ પધારવા આગ્રહભરી વિનંતી કરી. વાડીલાલ મગનલાલ વૈદ વગેરેએ વડોદરા ચાતુર્માસ કરવા અત્યાગ્રહભરી વિનંતિ કરી. આજે સંક્રાન્તી હોવાથી માંગલિક સ્મરણ સંભળાવી ચૈત્ર સંક્રાન્તીનું નામ સંભળાવ્યું અને ઉપદેશ આપ્યો હતો.

આચાર્યશ્રીજીના અનિશ્ચિત ઉત્તરથી મુંબઇથી આવેલ ડેપ્યુટેશનના ભાઇઓ કાંઇક નિરાશા અનુભવી બીજની સાંજે જ પાછા વિદાય થઇ ગયા, પરંતુ ત્રીજના દિવસે આચાર્યશ્રીજીનો વિચાર મુંબઇ માટે મક્કમ થયો અને મુંબઇ જવાને માટે વિહાર કર્યો.

**આચાર્યશ્રીજીનો મુંબઇ તરફનો વિહાર—** ચોથ ને બપોરના ૩॥ વાગતે સાધુ સમુદાય સહિત જાની શેરીના શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયેથી ફરી શહેર બહાર પ્રતાપનગરમાં જૈન વિદ્યાર્થી આશ્રમમાં પધાર્યા. અહિં સુધી વડોદરાનો શ્રી સંઘ લગભગ ત્રણ–ચાર હજાર માનવ સમૂહ વળાવવા આવ્યો.

પાંચમે વિહાર કરી કેલનપુર, ચુવાવી થઇ સાતમે ડભોઇ પધાર્યા. નગરપ્રવેશ ધામધૂમપૂર્વક કરાવ્યો. સીનોર અને પાલેજના શ્રી સંઘના અત્યાગ્રહ હોવાથી એઓની વિનંતિ સ્વીકારાઇ હતી.

## સીનોર

નવમીને દિવસે આચાર્યશ્રીજી ડભોઇથી વિહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી વડજ થઇ સમીર પધાર્યા. દશમીએ આચાર્યશ્રીજી પધારતાં અત્રે બિરાજેલ પંન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજ આદિ સામૈયામાં પધાર્યા હતા. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે જણાવ્યું કે–આજે ઉપાશ્રય ચિકાર ભરાયો છે, જે કોઇ દિવસે ઉપાશ્રયમાં પગ ન મૂકે એવા ભાઇઓ પણ નજરે પડે છે, એ કોનો પ્રભાવ છે? આ ચારિત્રશીલ પ્રભાવશાલી ગુરુવર્યનો છે. આટલી વૃદ્ધાવસ્થા છતાં ચહેરા ઉપર કેવી આનંદની ઊર્મિઓ છવાઈ રહી છે. જૈનશાસન જયવંતું છે. ઇત્યાદિ.

વિહાર કરી કમીલપર અને અગીયારસે શામળાગામ, બારસે પાલેજ પધાર્યા. સમારોહપૂર્વક પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. ચૌદશે વિહાર કરી અંગારેશ્વર થઇ અમાવાસ્યાએ ઝઘડીઆ તીર્થે પધાર્યા શ્રીસંઘે સ્વાગત કર્યું. આચાર્યશ્રીજીએ માંગલિક સંભળાવ્યું. બપોરે આચાર્યશ્રીજીની આજ્ઞાથી ઉપાધ્યાય સમુદ્રવિજયજીએ ભાષણ આપ્યું હતું.

## જન્મ જયંતિ

ચૈત્ર શુદ પ્રતિપદાએ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર ( આત્મારામજી ) મહારાજની જન્મજયંતિ હોવાથી જયંતિનાયકના વાસક્ષેપ પૂજા કરી, વડોદરાનિવાસી વાડીલાલ મગનલાલ વૈદ, મુંબઈનિવાસી શેઠ ફુલચંદ શામજી તેમજ મુનિરાજ શ્રી જનકવિજયજીએ જયંતિનાયકના વિષે સુંદર વિવેચન કર્યું. આચાર્યશ્રીજીએ જણાવ્યું કે–જયંતિનાયકના વિષયમાં ઘણું કહેવાયું છે. લુધીયાનામાં એક આર્યસમાજીએ આવી જયંતિનાયકને પ્રશ્ન કર્યો કે–આપે દેવમંદિરો તો ઊભા કર્યા પણ સરસ્વતી મંદિર કેમ નથી ઊભા કરતા? આના જવાબમાં જયંતિનાયકે જણાવ્યું કે–પહેલાં દેવમંદિરો બંધાવવાની આવશ્યકતા હતી તે પૂરી થઇ, હવે સરસ્વતી મંદિર બંધાવવાની જરૂરિયાત છે, તે ગુજરાંવાલા જઇ પૂરી કરવા વિચાર રાખું છું, પણ ગુરુદેવનો સ્વર્ગવાસ ત્યાં થવાથી તે પૂરી કરી ન શકયા તે કાર્ય કરવાનો ભાર આપણા સર્વનો છે. ઝઘડીયા તીર્થ પર જૈન બોર્ડીંગ સ્થાપન કરવા ઉપદેશ આપ્યો. પૂર્વની ઘટના આવી કે સં. ૧૯૯૨માં જ્યારે મુંબઇથી આત્માનંદ શતાબ્દિ ઉજવવા પાટણ જતા હતા ત્યારે શેઠ માણેકચંદભાઇએ વિનંતિ કરેલી કે આપ અહિંઆ સ્થિરતા કરો તો બોર્ડીંગની સ્થાપના કરીએ, પણ સમય ન હોવાથી ત્યારે સ્થિરતા ન થઇ શકી. શ્રી ગુરુદેવની જયંતીના સ્મરણાર્થે આ કામ કરવું જરૂરી છે. ઇત્યાદિ.

ઉપાધ્યાય સમુદ્રવિજયજીએ જણાવ્યું કે–આ કામ કરીને જ ઉઠવું જોઇએ. બોલો અહિં બોર્ડીંગની જરૂરીઆત છે કે નહિં? છે તો પછી વાર શી? ઇત્યાદિ. સુરતનિવાસી હિરાલાલ ચુનીલાલે ( વહિવટકર્તા ) જણાવ્યું કે–અમો અગારાથી બનતી સહાય આપવા તૈયાર છીએ. શેઠ મૂળચંદભાઇએ જણાવ્યું કે–આ ઇલાકામાં બોર્ડીંગની જરૂરીઆત છે ખરી પણ ગરીબી છે. ૧૦૦ ઘરોમાં ૧૫ ઘરવાળાને એક ટંકનું ખાવાનું પૂરું નથી મળતું તેનું કેમ? હાલ પાંચ વર્ષ માટે પ્રબંધ કરવો ઠીક છે, પછી ચાલશે તો થઈ પડશે. ઇત્યાદિ.

ઉપાધ્યાયજી શ્રી પૂર્ણાનંદવિજયજીએ જણાવ્યું કે–કરવાનું શું કામ છે? ગુરૂદેવનો આશીર્વાદ છે, ઇત્યાદિ વાટાઘાટ થયા પછી સાત વર્ષ માટે બોલીથી વાર્ષિક રકમો નોંધાઇ અને "શ્રી આત્માનંદ જૈન ગુરૂકુલ ઝઘડીયા" સ્થાપન કરવાનું નક્કી થયું. નેમુભાઇની વાડીનો વિનંતિપત્ર આવ્યો. આચાર્યશ્રીજી ઝઘડીયાથી વિહાર કરી નવમી–દશમીએ સુરત પધારવા વકી છે અને મહાવીરજયંતિ અને ચૈત્રવદિ ૩ ની સંક્રાન્તી ત્યાં કરશે. જાણવા પ્રમાણે સુરત આચાર્યમહારાજ સપરિવાર બિરાજમાન થયા છે.

---

**શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ પાલીતાણાને સારી રકમની સખાવત કરનાર શેઠ શ્રી ભાણાભાઈ ભુદરાજીનું તેમજ તન, મન, ધનથી સેવા આપનાર સદ્દગત પ્રમુખ શેઠ ફકીરચંદ કેશરીચંદના આરસના બસ્ટની**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અનાવરણ વિધિ તેમજ ઘણા વર્ષો સુધી સેવા કરનાર સેક્રેટરી લલ્લુભાઇ કરમચંદને રૂપાના કાસ્કેટમાં માનપત્ર આપવાનો મેળાવડો.** ગયા ફાગણ શુદ ૨ ના રોજ તે સંસ્થાના માનનીય પ્રમુખ શેઠ મોહોલાલભાઇ મગનલાલના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. મુંબઇની તેમજ પાલીતાણાની કાર્યવાહક કમીટીના સભ્યો તેમજ અન્ય મુંબઇ, ભાવનગર વગેરે શહેરના આમંત્રિત ગૃહસ્થો પધાર્યા હતા. મંગળાચરણ થયા પછી સંસ્થાના ઉપપ્રમુખ, મુનિ-મહારાજો અને ગૃહસ્થોના વિવેચનો થયા હતા. માનપત્ર સંસ્થાના ટ્રેઝરર શ્રીયુત પ્રવીણચંદ્રભાઇએ વાંચી બતાવ્યું હતું. આ સંસ્થામાં થોડા વખત પછી કોમર્સસ્કુલની સગવડતાવાળું મકાન તૈયાર કરવા માટે નિર્ણય થયો હતો.

## ગુરુભક્તિ

**શ્રી આત્મારામજી મહારાજની જન્મ જયન્તિ**

પરમપૂજ્ય ગુરુદેવ પ્રાતઃસ્મરણીય **શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વર(આત્મારામજી) મહારાજની** જન્મ જયન્તિ ચૈત્ર સુદિ ૧ તા. ૨૬-૩-૫૨ બુધવારે દર વર્ષના રાબેતા મુજબ આ સભા તરફથી શ્રી સિદ્ધાચળજી તીર્થ ઉપર ખૂબ ઉત્સાહપૂર્વક ધામધુમથી ઉજવવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રી જૈન આત્માનંદ સભાના હોદ્દેદારો, (કાર્યવાહકો) લાઇફમેમ્બરો, ગુરૂદેવનાં ભકતો તથા સ્ટાફના માણસો પાલીતાણાખાતે સારી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. આ દિવસે શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં જ્યાં આગળ ગુરુદેવની મૂર્તિ બિરાજમાન છે ત્યાં યથાવિધિ પૂજા તથા આંગીથી ગુરુભકિત કરવામાં આવી હતી.

નવી ધાતુની મૂર્તિની પ્રતિષ્ઠા આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પવિત્ર હસ્તે થયેલ બહુ જ સુંદર મૂર્તિ છે. બપોરે ત્રણને સુમારે હાજર રહેલા બંધુઓનું પ્રીતિભોજનથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું, સર્વે ગુરુદેવની જયનાં ઘોષો વચ્ચે છૂટા પડયા હતા.

# સ્વીકાર-સમાલોચના

**લેડી વિલીંગ્ડન અશક્તાશ્રમ સુરતનો હોસ્પીટલ, દવાખાના સાથે સને ૧૯૪૯-૫૦ ની સાલનો રિપોર્ટ** હિસાબ સાથે અમોને મળ્યો છે. શુમારે ચાલીશ વર્ષથી આ અશક્ત આશ્રમ ચાલે છે. તેનો આ રિપોર્ટ વાંચતા જાતિ કે ધર્મભેદ વગર અશક્ત મનુષ્યોની અનુકંપા બુદ્ધિ કરતી તેની કમીટી અને પ્રમુખશ્રી શેઠ **દલીચંદ વીરચંદ** શ્રોફ ધન્યવાદને પાત્ર છે. અનુકંપા દાન માટે શાસ્ત્રોમાં જે હકીકત જણાવેલી છે તે અન્વયે થતી સેવા એ નમૂના રૂપ છે. તેનું બંધારણ, ખાનપાન, પોષણ, તંદુરસ્તી વગેરે માટે અશક્ત મનુષ્યોની થતી સેવા નમૂનાપાત્ર હોવાથી સેવા કરનાર, પછી કમીટી સભ્ય હો કે સખાવત કરનાર હો કે લાગણી દર્શાવનાર સર્વ પુણ્યબંધ કરે છે. વ્યવસ્થા એટલી બધી સુંદર છે કે દરેક મોટા શહેરોમાં પ્રાણીદયા માટે આવા અશક્તઆશ્રમો ખોલવાને માટે આ કપરો સમય ચાલે છે. આ અશક્તાશ્રમ તેવા ખાતા ખોલનારને અનુકરણીય છે.

**જૈન બાલ ગ્રંથાવલી (શ્રેણી ૩)**
**(સંપાદક જયભિખ્ખુ)**
**પ્રકાશક—ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
**ગાંધીરોડ અમદાવાદ.**

જૈન બાલ ગ્રંથાવળી શ્રેણી ત્રીજી જેમાં સોળમા પરમાત્મા શ્રી શાન્તિનાથપ્રભુ, શ્રી સ્થૂલિભદ્ર જેવા વિજેતા મુનિવરો તથા ૧ મહારાજા કુમારપાળ જેવા સત્વશાળી નરો, ૫ શ્રી ગિરનાર તીર્થ, સતી-સીતા વગેરે સતીરત્નો, ૩ જૈન સાહિત્યની ડાયરી, ૧ ધન્ય અહિંસા, ૨ સત્યનો જય અને અક્ષય તૃતીયા એ સોળ લઘુ ગ્રંથો, સાદી સરલ ગુજરાતી ભાષામાં સુંદર અક્ષરો અને સુંદર જેકેટમાં પ્રકટ થયેલા છે. આજે જે બાળ સાહિત્યની જરૂરીયાત હતી તે તેનાથી પૂરી પડે છે. આવા ધાર્મિક લઘુ પુસ્તિકાના વાંચનોથી બાળકોના બાળવયથી જ સંસ્કાર જે ઘડાય છે તે ઘણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગે ભવિષ્યમાં બહુ ઉપયોગી થઇ પડે છે. ને વિદ્વાન્ લેખકોના હાથે લખાયેલ અને પદ્ધતિસર છાપકામ માટે પ્રકાશક બંનેના આ પ્રયત્નની અમે પ્રશંસા કરીએ છીએ અને ભવિષ્યમાં આવી અનેક શ્રેણીઓ બાળક ઉપયોગી વિશેષ પ્રગટ થાય તેમ ઇચ્છીયે. કિંમત શ્રેણી ૩ ) ના રૂા. ૩–૦–૦ પ્રકાશકને ત્યાંથી મળી શકશે.

**જ્યોતિષ વિજ્ઞાનઃ**—લેખક ડો. ચંદ્રશંકર ગો. ઠક્કર જ્યોતિષ શાસ્ત્ર શ્રુતજ્ઞાન છે તેમ અમુક અંશે વિજ્ઞાનને ગ્રંથ પણ ગણી શકાય. જ્યોતિષશાસ્ત્રના ખરા અભ્યાસીની ખામીને લઇને બહાર પડતાં હેવાલો ખોટાં પડતાં આ શાસ્ત્ર વગોવાય છે. ગણિત, સંહિતા અને હોરા વગેરે વિષયોનું એકીકરણ તેના નિષ્ણાતો દ્વારા થાય પછી ફ્લાદેશ વગેરે જે પ્રકટ થાય તો આ શાસ્ત્રની મહત્વતા સિદ્ધ થાય. આ ગ્રંથના લેખકે પ્રસ્તાવનામાં લખેલી હકીકત વાંચવા જેવી છે. પ્રકાશક મેઘરાજ જૈન પુસ્તક ભંડાર–મુંબઇ, ગોડીજીની ચાલ. કિંમત ૧–૦–૦

**૧ શ્રી ઘંટાકરણ કલ્પ અને ૨ મંત્ર યંત્ર કલ્પ ગ્રંથઃ**—પ્રકાશક જૈન બંધુ ચંદનમલ નાગોરી છોટી સાદડીએ પ્રાચીન પ્રતિઓમાંથી ઉધ્ધૃત કરી આ બે ગ્રંથો પ્રકટ કર્યા છે, જૈન સમાજ વેપારપ્રિય હોવાથી તેમનો આ વિષય કે કાર્ય નથી, પરંતુ જૈન સાહિત્યનો એક રીતે ઉદ્ધાર ગણાય.

કિંમત પ્રથમ ગ્રંથની રૂા. ૧૦) બીજા ગ્રંથની રૂા. ૫) કિંમત લેનારની દૃષ્ટિએ વિશેષ ગણાય.

નીચે લખેલા ગ્રંથો આ સભાને ભેટ મળેલાં છે જે ઉપકાર સાથે સ્વીકારવામાં આવે છે.

**૧ શ્રી સિદ્ધચક્ર-બૃહત્-પૂજનવિધિઃ**—શ્રી નેમિ–અમૃત–ખાન્તિ–નિરંજન ગ્રંથમાળાનું ૨૫ મું પુસ્તક શ્રી સિદ્ધચક્ર યંત્રોદ્ધારા પૂજનવિધિ સહિત શાશ્વતી ઓળી માટે વિધિવિધાનપૂર્વકની આ ગ્રંથની સુંદર રચના કરી છે. અને નવપદજીનું આરાધન કરનાર માટે ખાસ ઉપયોગી બન્યો છે.

**તીર્થધામમાં ત્રીશ દિવસ.** લેખક પંડિત માવજી દામજી શાહ. ઉન્હાળાની રજામાં કેશરીયાજી તીર્થ વગેરે સ્થળે યાત્રા કરવા જતાં ત્યાંનું વર્ણન આપવામાં આવ્યું છે.

**પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા**—કર્તા ડો૦ ભગવાનદાસ મનસુખભાઇ મહેતા. એમ. બી. બી. એસ.

શ્રીમદ્ રાજચંદ્રે સં. ૧૯૪૧ ની શાળમાં પોતાના જ્ઞાનપરિપાકવડે લખેલ મોક્ષમાળા ( જેનું પ્રકાશન થયેલ છે ) તેના ચાર ભાગ લખવાની તેઓશ્રીના યોજના હતી. આ ગ્રંથ તેના ચોથા ભાગરૂપ છે તે પોતાના જીવનમાં લખાઇ શકયો નહિ પરંતુ આ ગ્રંથના વિદ્વાન લેખકના સદ્ગત પિતા સાક્ષર **મનસુખભાઇને** શ્રીમદે કહેલા વચનાનુસાર આ ગ્રંથ તેના લેખક લખી પ્રકાશન કરે છે. કે જે આત્મભાવ પ્રકટ હિત તરફ દોરી અધ્યાત્મભાવ પ્રકટાવે છે ગ્રંથ ઘણા આવા ગ્રંથો વાંચન, વિચાર, મનન ચિંતન કર્યા પછી લખી શકાય છે. આ ગ્રંથના લેખક જૈન દર્શનના સાહિત્યના અભ્યાસી હોઇ અગાઉ કેટલાક ગ્રથો લખ્યા છે આ ગ્રંથમાં ૧૦૮ ( પુષ્પો ) વિષયો જેવા કે પ્રમાદ ત્રણ પ્રકારના આત્મા, સમ્યક્ દર્શન, જ્ઞાન, તપ, ક્રિયા, દાન, નવતત્ત્વ, મૈત્રી આદિ ભાવના પંચમહાવ્રતો પરિષેહજયા વિગેરે વિષયો અને તીર્થંકર ભગવંત અને સત્ત્વશાળી મહાપુરુષોના ચરિત્રો વગેરે અને છેવટે હિતાર્થી પ્રશ્નો વગેરે વિષયો ઉપર સંક્ષિપ્તમાં બહુ જ સરલ રીતે જણાવ્યા છે જે દરેક વાંચન મનન કરવા જેવા છે અને આત્મહિત તરફ લઇ જાય છે. ઘણા વાંચન, અને મનન સિવાય, આવા આત્મભાવ જેવા વિષયો ઉપર ગમે તે લખી શકે નહિ દરેક વિષયનું અવલોકન કરતાં **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા** ગ્રંથનું નામ યથાર્થ અપાયેલ છે. આ ગ્રંથ લખવાનો હેતુ સંપાદક ડો૦ ભગવાનદાસભાઇએ પ્રસ્તાવનામાં જણાવ્યો છે તે પ્રસ્તાવના પણ વાંચવાની પણ વાંચકોને અમો ભલામણ કરીએ છીએ. કિંમત રૂા. ૨–૮–૦ નંબર ૫ ચોપાટી રોડનાં ૭ મુંબઇથી મળશે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શેઠ શ્રી રતિલાલ વર્દ્ધમાન શાહનો સ્વર્ગવાસ



ગયા ફાગણુ શુદ ૭ તા. ૩-૩-૫૨ ના રોજ સવારના સુરેન્દ્રનગરમાં પોતાના વતનમાં સ્વર્ગવાસ થવાથી સમગ્ર જૈન સમાજને એક બાહોશ, શ્રીમંત ઉદ્યોગપતિ, કાર્યકરની ખોટ પડી છે. જીવનનાં અનેક કડવામીઠા પ્રસંગોમાંથી બુદ્ધિબળે આગળ વધનાર જૈન સમાજની અનેક સંસ્થાઓમાં જોડાઇ તન, મન, ધનનો ઉપયોગ કરી સાથે સેવાઓ પણ બજાવ્યે જતા હતા. આ સભાના પણ તેઓ માનવંતા પેટ્રન હતા. કોઇ પણ કાર્યને પાર ઉતારવાની તેઓનામાં અજબ શક્તિ હતી. શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ પાલીતાણા કોમરશીયલ સ્કુલનો જન્મ તેઓની જહેમત અને દાનવીરપણાને આભારી છે કે જે સૌરાષ્ટ્રમાં પ્રથમ સ્થાપન થયેલી છે. ૬૫ વર્ષની વયે તેઓનો સ્વર્ગવાસ થયેલ છે, જેથી જૈન સમાજને આ સભાનો એક સારા જૈન નરરત્નની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમ પરમાત્માનો પ્રાર્થના કરીયે છીયે.

---

## બાબુસાહેબ સુમેરમલજી સુરાણાનો સ્વર્ગવાસ.

સત્તોત્તર વર્ષની વૃદ્ધ વયે થોડા વખતની બિમારી ભોગવી ફાગણુ વદ ૪ ના રોજ પંચત્વ પામ્યા છે. પરંપરાથી મળેલ ધાર્મિક સંસ્કારને લઇને છેવટ સુધી ધાર્મિક જીવન જીવ્યા છે. સ્વોપાર્જિત ન્યાય પૂર્વક લક્ષ્મી સંપાદન કરી તેનો આત્મ કલ્યાણ માટે સાચો વ્યય કર્યો છે. હૃદય વિશાળ અને ધર્મ માટે તન મન ધનથી જરૂર પડે ત્યારે ભોગ આપતા હતા જીવનમાં તીર્થયાત્રાઓ વારંવાર કરતા હતા. જીવનમાં બ્રહ્મચર્ય વ્રત પણ કેટલાક વખતથી લીધું હતું. દેવગુરુ ભક્તિ આવશ્યકિયા વગેરેનો નિરંતરનો વ્યવસાય હતો. આ સભાના તેઓ લાઇફ મેમ્બર હતા તેઓના સ્વર્ગવાસથી જૈન સમાજે અને આ સભાને એક જૈન નર રત્નની ખોટ પડી છે. તેઓશ્રીના સુપૌત્ર બાબુ વૃદ્ધિચંદજીને દિલાસો દેવા સાથે તેઓશ્રીના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માને પ્રાર્થના કરીયે છીએ.

---

## શાહ ફૂલચંદ ગોપાળજીનો સ્વર્ગવાસ.

ભાઇ ફૂલચંદ ગોપાળજી સુમારે ૫૦ વર્ષની ઉમરે હૃદયબંધ થવાથી એકાએક પંચત્વ પામ્યા છે. તેઓએ પ્રથમ કાપડના વ્યાપારમાં અનુભવ મેળવ્યો હતો અને છેલ્લા વર્ષોમાં તેઓએ વ્યાપારનો જંજાળ ઓછો કરી નોકરી સ્વીકારી બને તેટલી રીતે દેવ, ગુરુ ધર્મની ભક્તિ કરતા હતા. ધર્મ ઉપર શ્રદ્ધા પણ જ હતી. અને જેટલો વખત મળે તેટલો વખત ધર્મના પુસ્તકોનું વાંચન કરતા હતા જીવન મિલનસાર અને સરલ હતું. આ સભાના તેઓ લાઇફમેમ્બર હતા, તેઓના સ્વર્ગવાસથી એક સારા સભાસદની ખોટ પડી છે. તેના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ॥ श्रेयस्कर-विघ्नहर-श्रीशंखेश्वरपार्श्वनाथजिनेन्द्राय नमः ॥

॥ श्री आचार्यदेवश्रीमद् विजयानंदसूरीश्वरजीपादपद्मेभ्यो नमः ॥

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો

## ૫૫ મા વર્ષનો

# રિપોર્ટ.

( સંવત ૨૦૦૭ ના કારતક સુદી ૧ થી આસો વદિ ૩૦ સુધી. )

## મુખ્ય સેક્રેટરીનું નિવેદન.

**માન્યવર પ્રમુખશ્રી અને પ્રિય સભાસદ બંધુઓ !**

( સં. ૨૦૦૮ ના ચૈત્ર શુદ ૪ શનિવાર તા. ૨૯-૩-૫૨ ની જનરલ સભામાં કરેલું નિવેદન. )

**શ્રી** દેવ, ગુરુ અને ધર્મ એ ત્રિરત્નોની દિવસાનુદિવસ ભક્તિ કરતાં, તેમની કૃપાથી પ્રગતિશીલ થતી જતી, પ્રતિષ્ઠા અને ગૌરવ પામતી આ સભાનો ૫૫ મા વર્ષનો રિપોર્ટ ( આવક-જાવક, સરવૈયું ) વગેરે સર્વ કાર્યવાહી આપની સમક્ષ રજુ કરતાં અમો સભાના સેવકો ( સેક્રેટરીઓ )ને હર્ષ થાય છે અને સર્વ સભાસદો અને જૈન સમાજના અન્ય બંધુઓ વાંચતા, વિચારતાં આનંદ પામે અને આપણા કાર્યવાહકોની આત્મકલ્યાણ માટેની આ પ્રવૃત્તિમાં જોડાય, તેમજ આ સભાના સભ્યોના ઘણા વર્ષોના અનુભવે ચલાવવામાં આવતી આ સભાવડે દેવ, ગુરુ, જ્ઞાનભક્તિમાંથી તેમજ વહિવટમાંથી સારું લાગે તે, તેમજ અનુકરણ કરવા જેવું હોય તેનું સર્વ કોઇ અનુકરણ કરે, અને તેમ કરતાં કોઇપણ સંસ્થા દીર્ઘાયુ થઇ પોતાની સંસ્થાની પ્રગતિ, ગૌરવ અને પ્રતિષ્ઠામાં વધારો કરી ત્રિરત્નોની વિશેષ-વિશેષ ભક્તિ કરી આત્મકલ્યાણ સાધે તો જ અમારી આ ગુરુભક્તિ માટેનો હેતુ સફળ થયો માનીશું.

એક પછી બીજા વર્ષે વિશેષ અનુભવ થાય, ભક્તિના કાર્યોની વૃદ્ધિ થાય, જ્ઞાન ( સાહિત્યનો ) ઉદ્ધાર અને ભક્તિ વધે ( નવીન નવીન સાહિત્યનું પ્રકાશન થતાં ) નવું નવું વાંચવા જાણવાનું સર્વ કોઇને મળે તે સર્વ માટે રિપોર્ટનું પ્રકાશન જરૂરી છે.

**સભાસદ બન્ધુઓ !**

આગલા વર્ષોની કાર્યવાહી તે તે વર્ષના રિપોર્ટદ્વારા આપ જેમ જાણી શક્યા છો, તેમ આ વર્ષની વહીવટ સંબંધી સર્વ કાર્યવાહી ( હકીકત ) આવતા વર્ષના બજેટ સાથે આજે પ્રમાણિકપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપની પાસે રજુ કરીયે છીયે, જેથી તેમાં કાંઇ સુધારોવધારો કરવાની જરૂર જણાય, આવતા વર્ષ માટે ભક્તિ, સેવા, આત્મકલ્યાણ કરતાં સભાની વિશેષ પ્રગતિ, પ્રતિષ્ઠા, ગૌરવ વધે અને નવીન કાર્યો જે જે શરૂ કરવા જેવા આપને જણાય તે સૂચવશો, તો તે આપ સર્વ બંધુઓના સહકારવડે સભા જરૂર હાથ ધરશે, અને સુધારણા કરવા જેવું જે કંઈ જણાવશો તે આપણે સાથે મળી જરૂર કરીશું અને તે રીતે સ્નેહભાવે કરતાં અરસ-પરસના સહકારવડે આપણા સર્વમાં ધર્મસ્નેહની વૃદ્ધિ પણ થશે.

જૈન સમાજની આ સંસ્થા હોવાથી અન્ય કોઇ પણ જૈન બંધુ આ રિપોર્ટ વાંચી કંઇ સૂચના કે સુધારોવધારો કરવા સૂચવે તો સભા જરૂર વિચારી તેને પણ વધાવી લઈ યોગ્ય કરશે, એમ અમે ખાત્રીપૂર્વક જણાવવા રજા લઇએ છીયે.

આ સભાની દિનપ્રતિદિન દરેક શુભ પ્રવૃત્તિઓ પ્રતિષ્ઠા સાથે વૃદ્ધિ પામતી જાય છે, તેનું મુખ્ય કારણ પ્રથમ ગુરુકૃપા છે. કાર્યવાહકોની આત્મકલ્યાણ માટેની જ આ નિસ્વાર્થ સેવા-ભક્તિ હોવાથી કાર્યવાહકો પોતાની જવાબદારી બરાબર સમજી, ધર્મની મર્યાદામાં રહી, પૂજ્ય પરમાત્માની આજ્ઞા હૃદયમાં ધારણ કરી વહીવટ કરે છે અને તે દરવર્ષે રિપોર્ટદ્વારા સર્વ કાર્યવાહી પ્રકટ કરે છે.

ઘણાં કાર્યોમાં પૂજ્ય ગુરુદેવોની આજ્ઞા, સૂચના, સલાહ પણ લેવામાં આવે છે, લોકાપવાદનો વિચાર પણ કરવામાં આવે છે, તેમજ સભાના લેવડ-દેવડમાં, તેમજ મકાનો સંબંધી ભાડા વગેરેમાં, લોકોની સાથેના વ્યવહારમાં, સભાના લાભ કે લોભની ખાતર કંઇ પણ અપ્રમાણિકપણું કે ન્યાય વિરૂદ્ધ નહિં કરતાં ધર્મના ફરમાન મુજબ સર્વ કાર્યવાહી થાય છે, વગેરે કારણોથી જ આ સભાનું ગૌરવ, પ્રતિષ્ઠા વધતાં દિવસાનુદિવસ દરેક કાર્યમાં ઉન્નતિ થતી જાય છે. અને તે જ રીતે સભાદ્વારા દેવ, ગુરૂ, જ્ઞાનની ભક્તિ આપણે હવે પછી પણ કરીએ તેવી પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

---

**સ્થાપના**—આ સભાની સ્થાપના સં. ૧૯૫૨ ના બીજા જેઠ સુદ ૨ ના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** ( શ્રી આત્મારામજી ) મહારાજના ( સ્મરણ ) ગુરુભક્તિ નિમિત્તે, તેઓશ્રી પૂજ્ય ગુરુદેવના સ્વર્ગવાસ પછી પચીશમે દિવસે મંગળમુહૂર્તમાં થયેલી છે, જેને આજે ૫૫ વર્ષ પૂરા થયા છે અને ૫૬ મું વર્ષ ચાલે છે.

---

**૧ ઉદ્દેશ**—જૈન બંધુઓ અને બ્હેનો ધર્મ સંબંધી ઉચ્ચ શિક્ષણ(જ્ઞાન) પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજના, બંને પ્રકારની કેળવણીની વૃદ્ધિ માટે સ્કોલરશીપ વગેરેથી યથાશક્તિ સહાય કરવા, પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજોકૃત મૂળ-પ્રાકૃત-સંસ્કૃત ઉચ્ચ કક્ષાના વિવિધ સાહિત્યના પ્રકાશનો-ઇતિહાસ, જીવનચરિત્ર અને કથા સાહિત્યના મૂળ અને સુંદર સચિત્ર શુદ્ધ અને સરલ અનુવાદો ગુજરાતી ભાષામાં પ્રકટ કરી, બ્હોળો પ્રચાર અને બને તેટલી ઉદારતાથી ભેટ આપવા, તેમજ જૈન સસ્તા સાહિત્યનું પ્રકાશન કરી ભેટ કે અલ્પ કિંમતે આપી જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો અને તત્વોનો ભારતવર્ષમાં બ્હોળો પ્રચાર કરવા, તેમજ વિવિધ સાહિત્યની હસ્તલિખિત પ્રતો અને ઉપયોગી પ્રકાશનોનો સંગ્રહ કરી એક જ્ઞાનમંદિર કરી જ્ઞાનભક્તિ કરવા, ફ્રી લાયબ્રેરી ( પુસ્તકાલય ) વડે મફત વાંચન પૂરૂં પાડવા, દરવર્ષે જરૂરીયાતવાળા જૈન બંધુઓને રાહત આપવા અને પુણ્યપ્રભાવક, દાનવીર વગેરે જૈન બંધુઓનો યોગ્ય સત્કાર કરવા અને સાથે જ દેવગુરુતીર્થની પૂજા, યાત્રા, ભક્તિ કરી આત્મકલ્યાણ કરવાનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## બંધારણ.

( ૧ ) પેટ્રન સાહેબો, ( ૨-૩ ) પહેલા અને બીજા વર્ગના લાઈફ મેમ્બરો અને ( ૪ ) વાર્ષિક સભાસદો મળી ચાર પ્રકારે છે. અને એક જ વખત રૂ. ૫૦૧) લવાજમના આપવાથી પેટ્રન સાહેબ, રૂ. ૧૦૧) આપવાથી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર, રૂ. ૫૧) આપવાથી બીજા વર્ગના લાઇફ મેમ્બર અને દર વર્ષે રૂ. ૫) આપવાથી વાર્ષિક સભાસદના પદે નિયુક્ત કરવામાં આવે છે.

આ વર્ષની આખર સુધીમાં કુલ ૭૧૪) માનવંતા સભાસદો છે.

## સં. ૨૦૦૭ ની સાલ સુધીમાં થયેલા પેટ્રન સાહેબોની નામાવલી.

૧ શેઠ સાહેબ ચંદુલાલ સારાભાઇ મોદી. બી. એ.
૨ રાવસાહેબ શેઠ શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ જે. પી.
૩ શેઠ સાહેબ માણેકચંદ જેચંદભાઇ
૪ ,, રતિલાલ વાડીલાલ
૫ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી.
૬ ,, કાન્તિલાલ બકોરદાસ
૭ રાવબહાદુર શેઠ નાનજીભાઇ લધાભાઇ
૮ શેઠ સાહેબ ભોગીલાલભાઈ મગનલાલ
૯ ,, રતિલાલ વૃદ્ધમાન
૧૦ ,, પદમશીભાઇ પ્રેમજી
૧૧ ,, રમણીકલાલ ભોગીલાલભાઇ
૧૨ ,, મોહનલાલ તારાચંદ જે. પી.
૧૩ ,, ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૪ ,, ચંદુલાલ ટી. શાહ જે. પી.
૧૫ ,, રમણિકલાલ નાનચંદ
૧૬ ,, દુર્લભદાસ ઝવેરચંદ
૧૭ ,, દલીચંદ પુરુષોત્તમદાસ
૧૮ ,, વોરા ખાંતિલાલ અમરચંદભાઇ
૧૯ રાવબહાદુર શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી
૨૦ ,, શ્રી અમૃતલાલ કાલીદાસ
૨૧ શેઠ સાહેબ ખુશાલદાસ ખેંગારભાઇ
૨૨ ,, શ્રી કાન્તિલાલ જેશીંગભાઇ
૨૩ ,, શ્રી ચંદ્રકાન્તભાઇ ઉજમશી
૨૪ ,, શ્રી પુંજાભાઈ દીપચંદ
૨૫ ,, શ્રી લક્ષ્મીચંદ દુર્લભદાસ
૨૬ ,, શ્રી કેશવલાલ લલ્લુભાઈ
૨૭ શાહ ઓધવજી ધનજીભાઇ સોલીસીટર
૨૮ શેઠ મણિલાલ વનમાળીદાસ બી. એ.
૨૯ શેઠ સાહેબ સારાભાઇ હઠીસીંગ
૩૦ ,, રમણભાઇ દલસુખભાઇ
૩૧ ,, જમનાદાસ મોનજીભાઈ ઝવેરી
૩૨ ,, વીરચંદ પાનાચંદ
૩૩ ,, હીરાલાલ અમૃતલાલ બી. એ.
૩૪ મહેતા ગિરધરલાલ દીપચંદ કમળેજવાળા
૩૫ શેઠ સાહેબ પરમાણંદદાસ નરશીદાસ
૩૬ ,, લવજીભાઇ રાયચંદ
૩૭ ,, પાનાચંદ લલ્લુભાઇ
૩૮ ,, કસ્તુરભાઇ લાલભાઇ
૩૯ શેઠ પરશોતમદાસ મનસુખલાલ ગાંધી તારવાળા
૪૦ મહેતા મનસુખલાલ દીપચંદ કમળેજવાળા
૪૧ શેઠ છોટાલાલ મગનલાલ
૪૨ ,, માણેકચંદ પોપટલાલ થાનગઢવાળા
૪૩ ,, નગીનદાસ કરમચંદ
૪૪ ડૉકટર સાહેબ વલ્લભદાસ નેણશીભાઇ મહેતા
૪૫ શેઠ સાહેબ સકરચંદ મોતીલાલ મૂળજી
૪૬ ,, પ્રાગજીભાઇ ઝવેરચંદ
૪૭ ,, ખીમચંદ લલ્લુભાઇ
૪૮ ,, પુરૂષોત્તમદાસ સુરચંદ
૪૯ ,, કેશવજીભાઇ નેમચંદ
૫૦ ,, હાથીભાઇ ગલાલચંદ
૫૧ ,, અમૃતલાલ ફુલચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૨ | ,, | પોપટલાલ કેવળદાસ | ૫૭ | ,, | ચીમનલાલ ડાહ્યાભાઇ મુંબઇ |
| ૫૩ | ,, | ભગુભાઈ ચુનીલાલ સુતરીયા | ૫૮ | ,, | રમણલાલ જેશંગભાઇ ઉગરચંદ મુંબઇ |
| ૫૪ | ,, | વનમાળી ઝવેરચંદ મુંબઇ | | | |
| ૫૫ | ,, | બકુભાઇ મણિલાલ અમદાવાદ | ૫૯ | ,, | મગનલાલ મૂળચંદભાઇ મુંબઇ |
| ૫૬ | ,, | સરવૈયા અમીચંદ મોતીચંદ મુંબઇ | ૬૦ | ,, | નરોતમદાસ શામજીભાઇ ભાવનગર |

આ વર્ષની આખર સુધીમાં ૬૦ પેટ્રનો, ૫૨૦ પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો, ૧૧૫ બીજા વર્ગના લાઇફ મેમ્બરો, ૬ ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો, (ત્રીજે વર્ગ કમી થયેલ છે) અને ૧૩ વાર્ષિક સભ્યો મળી કુલ ૭૧૪ સભાસદો છે. તે પછી નવા સભાસદો દાખલ થયેલા છે તેઓના નામો આવતા વર્ષના રિપોર્ટમાં જણાવવામાં આવશે. (નવા થનારા સભાસદ બંધુઓના નામો તે તે વખતે શ્રી આત્માનંદ પ્રકાશ માસિકમાં દર મહિને આપવામાં આવે છે તે આપ સર્વને સુવિદિત છે.)

વળી નવા નવા પુણ્યપ્રભાવક, દાનવીર, શ્રીમંત જૈન બંધુઓ આ સભાનું પેટ્રનપદ સ્વીકારી પોતાનો આનંદ વ્યક્ત કરે છે, તેમજ તે રીતે નવા નવા લાઇફ મેમ્બરોની પણ દર માસે વૃદ્ધિ થતી જાય છે. સિવાય બહાર ગામના શ્રીસંઘો, સંસ્થાઓ, બોર્ડીંગો, લાઇબ્રેરીઓ, જ્ઞાનભંડારો વગેરેની સભ્યો તરીકેની પણ સાથે વૃદ્ધિ થતી જાય છે.

જૈન બ્હેનો પણ આ સભામાં સભાસદ છે–થાય છે તેમાં કોઇ કોઇ ગ્રેજ્યુએટ બ્હેનો પણ આ સભામાં સભાસદ થયેલ છે, તે પણ સભાનો ગૌરવનો વિષય છે.

મુંબઇ, કલકત્તા, મદ્રાસ, બેંગલોર, ગુજરાત, સૌરાષ્ટ્ર અનેક સ્થળોના જૈનસંઘના આગેવાન બંધુઓ, ઉદ્યોગપતિઓ, જૈનનરરત્નો, શ્રાવક કુલભૂષણો, પરમશ્રદ્ધાળુ પુણ્યપ્રભાવક પુરુષો પણ સભાસદ સહર્ષ થતા જાય છે, તેનું કારણ સભાની દેવ, ગુરૂ, જ્ઞાન, ભક્તિ વિગેરે સર્વ કાર્યવાહીનું યથાસ્થિત રીતે દર વર્ષે પ્રકાશન કરવામાં આવે છે તેને આભારી છે.

---

## માનવંતા સર્વ સભાસદોને બ્હોળા પ્રમાણમા દર વર્ષે અપાતો ઉત્તમ, અનુપમ, સુંદર ગ્રંથોના ભેટનો લાભ.

આ સભા તરફથી **શ્રી જૈન આત્માનંદ ગ્રંથમાળાના** અનુવાદ–ગુજરાતી ભાષાંતરોના છપાતાં સુંદર સચિત્ર કથા, જીવનચરિત્રો, ઐતિહાસિક સાહિત્યના ગ્રંથો, મહાન પુરુષોના ચરિત્રો, આદર્શ સ્ત્રીઓના જીવન વૃત્તાંતો અન્ય કથાઓ વગેરે સર્વ દરેક પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોને બ્હોળા પ્રમાણમાં ધારા પ્રમાણે ભેટ આપવામાં આવે છે, જે નીચેની હકીકત વાંચવાથી જાણવામાં આવશે.

**સં. ૨૦૦૩ની સાલથી સં.** ૨૦૦૮ સુધી છ વર્ષમાં અમારા માનવંતા સભાસદોને ઉત્તમોત્તમ ગ્રંથો રૂા. ૧૯૦૬૨ાત ભેટ સભાએ આપેલ છે તેમ તેઓશ્રીને વિદિત છે. (વાંચો પાછળ આપેલ સૂચિપત્ર) એટલે કે ભેટ અપાયેલાં ગ્રંથો મનનપૂર્વક વાંચવાથી જેમ આત્મકલ્યાણ સધાય છે તેમ આર્થિક દૃષ્ટિએ પણ લાઇફમેમ્બરોને પણ ઘણો જ લાભ મળે છે અને સભા ઉદારતાપૂર્વક યથાશક્તિ અને સંયોગવશાત

---

સં. ૨૦૦૮ની સાલમાં જે પેટ્રન સાહેબો નવા થયેલા છે અને થશે તેમના મુબારક નામો હવે પછીના (સં. ૨૦૦૮ની સાલનાં) રિપોર્ટમાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપે છે અને ગુરુકૃપાથી આપશે જ. વળી આવા જ્ઞાનભક્તિ કાર્યમાં આર્થિક સહાય આપનાર બંધુઓ જ્ઞાનોદ્ધાર, સાહિત્યભક્તિ અને અન્ય વાચક બંધુઓના આત્મિક આનંદના નિમિત્ત પણ બને છે.

સં. ૨૦૦૩ ની સાલની અગાઉના વર્ષોમાં ભેટ આપેલા ગ્રંથોની કિંમત જુદી છે.

સં. ૨૦૦૭ ની સાલમાં ( **શ્રી કથારત્નકોષ** અને **શ્રી શ્રેયાંસનાથ પ્રભુ** ચરિત્ર એ બે ગ્રંથો ભેટ આપવા ગઈ સાલના રિપોર્ટમાં જણાવેલ હતું, પરંતુ કંઇક પ્રેસની ઢીલ, ફોટાની મૂળ ડીઝાઇનો, તેના ઉપરથી થતા બ્લોકો બહારગામથી તૈયાર થઇ આવતા થતો વિલંબ તેમજ ચિત્રો છાપવાના આર્ટ પેપરો જેવા જોઇએ તેવા મળવાની અછતને લઇને શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ગ્રંથ આ સાલમાં તૈયાર થઈ શકયો નહિ અને શ્રી કથારત્નકોષ ગ્રંથ તૈયાર થઇ ગયો, પરંતુ ગુરુકૃપાથી નહિં ધારેલ **શ્રી તીર્થંકર પ્રભુ** ( ચોવીશ ) સચિત્ર ચરિત્ર અનુપમ ગ્રંથ, **અનેકાન્તવાદ** અને **નૂતન-સ્તવનાવલી** એ ચાર ગ્રંથો તૈયાર થવા આવ્યા છે તે બાઇંડીંગ સાથે કમ્પલીટ શુમારે આવતા ચાર માસ સુધીમાં જરૂર થઇ જવા સંભવ છે તેથી કથારત્નકોષ રૂા. ૧૦) શ્રી તીર્થંકર પ્રભુ સચિત્ર ચરિત્ર, રૂા. ૬) અનેકાન્તવાદ રૂા. ૧) અને સ્તવનાવળી રૂા. ૦-૮-૦ મળી રૂા. ૧૭ાા ના એ ચાર ગ્રંથો સં. ૨૦૦૭-સં. ૨૦૦૮ની બે વર્ષની ભેટના સભાસદોને ધારા પ્રમાણે આપવાનો નિર્ણય થયો છે.*

આવી રીતે દર વર્ષે આવા સુંદર આત્મકલ્યાણકસાધક ગ્રંથોની ભેટનો લાભ સભા આપતી હોવાથી પણ દર માસે નવા પેટ્રન સાહેબો તથા લાઇફમેમ્બરોની વૃદ્ધિ થતી જાય છે. જેથી કોઈ પણ જૈન બંધુઓ કે બ્હેનોએ આ સભાના માનવંતા સભાસદોનું પદ સ્વીકારી, દર વર્ષે અપાતાં સુંદર ભેટના ગ્રંથોનો અને ઉદ્દેશમાં જણાવ્યા પ્રમાણે દેવ, ગુરુજ્ઞાનભક્તિ અને તીર્થયાત્રા વગેરેના લાભ લેવા જેવું છે.

આવા પૂજ્ય પૂર્વાચાર્યરચિત તીર્થંકર ભગવંતો, આદર્શ સતીરત્નો અને સત્ત્વશાળી પૂજ્ય પુરુષોના ચરિત્રોના નવાનવા ગ્રંથોના પ્રકાશનમાં ફાળો આપી પોતાને મળેલી સુકૃતની લક્ષ્મીનો આત્મકલ્યાણ માટે સદ્‌ઉપયોગ કરવાનો છે.

અગાઉ થઇ ગયેલા પેટ્રન સાહેબો અને લાઇફમેમ્બરો અત્યાર સુધી સભા તરફથી ભેટ મળેલાં ગ્રંથોની એક નાની સરખી લાઇબ્રેરી કરી શકયા છે તે સભાસદ બંધુઓને સુવિદિત છે.

આટલી હકીકત તો ભેટના ગ્રંથોની જણાવી છે પરંતુ તે સિવાય દેવ, ગુરુ, જ્ઞાનભક્તિ અને તીર્થયાત્રાનો લાભ પણ માનવંતા સભાસદો દર વર્ષે લે છે જેથી આત્મકલ્યાણ પણ સધાય છે.

## ૨. સંપૂર્ણ સલામતીવાળી આર્થિક સ્થિતિ.

આ સભા પાસે જે નાણાનું ભંડોલ છે તેને કાર્યવાહકો જવાબદારી સમજી સભાના ધારાધોરણ અને ઉદ્દેશ પ્રમાણે શાસ્ત્રની મર્યાદામાં રહીને શાસ્ત્રીય દોષ ન લાગે તે રીતે વહીવટ અને વ્યવસ્થા કરે છે. તેને સાચવી રાખવા તેના સંપૂર્ણ રક્ષણ માટે અને ભવિષ્યમાં પણ ન જોખમાય, ઓછું કે ગેરઉપયોગ ન થાય માટે સભા ( સમયનો વિચાર કરી ) હાલ સભાએ સ્થાવર મિલકતમાં રોકેલ છે જે ત્રણ મકાનો છે, જેની કિંમત પાછળ આપવામાં આવેલી છે, સિવાય પ્રકાશન ખાતા માટે કે ચાલુ વહીવટી ખર્ચ માટેની અમુક રકમ સદ્ધર બેંકમાં રાખવામાં આવે છે અને ભવિષ્યમાં જેમ જેમ આર્થિક સ્થિતિ વધતી જશે તેમ તેમ બને ત્યાં સુધી સ્થાવર મિલ્કતમાં ( સારી સીક્યુરીટીમાં ) જ સભાના નાણા રોકવામાં આવશે.

* ઉપરોક્ત ચાર ગ્રંથો ભેટ અપાઇ ગયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાલમાં સભાના મુખ્ય મકાન આત્માનંદ ભવનની બાજુનું મકાન છે, તે જ્ઞાનમંદિર કરવા માટે લીધેલું હતું. તે ફાયરપ્રુફ મકાન તૈયાર થઈ ગયેલ છે. શ્રી જ્ઞાનમંદિરની ઉદ્ઘાટન-સ્થાપના હાલમાં ચાતુર્માસ માટે પાલીતાણામાં બિરાજમાન કૃપાળુ આચાર્ય ભગવાન શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પવિત્ર હસ્તે કરવાનો સભા મનોરથ સેવે છે, જે પરમાત્માની કૃપાથી સફળ થશે. આ શ્રી જ્ઞાનમંદિરનું ફાયરપ્રુફ મકાન તૈયાર કરતાં કુલ રૂા. ૨૨૦૦૦) બાવીશ હજારનો ખર્ચ સભાને થયો છે.

હાલ આ સભા પાસે પોતાની માલેકીના જે ત્રણ મકાનો છે જેની જુદી જુદી નોંધ નીચે પ્રમાણે છે.

૧ સભાનું મુખ્ય મકાન **શ્રી આત્માનંદ જૈન ભવન** ઓફીસ અહિં છે. ૨ શ્રી જ્ઞાનમંદિરનું મકાન **શ્રી આત્મકાન્તિ જ્ઞાનમંદિર** ( સભાની બાજુમાં. છે ) ૩ **"શ્રી આત્માનંદ પુણ્ય ભવન"** જે મામાકોઠા ( મેઇન ) રોડ ઉપર આવેલું છે.

---

# જ્ઞાનભક્તિ–સાહિત્યોદ્ધાર અને પ્રકાશનખાતું

## ૩. સભા પાસે જુદા જુદા પાંચ પ્રકારના સાહિત્યોદ્ધાર જ્ઞાનભક્તિના ખાતા છે.

**૧. આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા, જેમાં પ્રાકૃત–સંસ્કૃત વગેરે મૂળ–ટીકાના વિવિધ સાહિત્ય પ્રકાશન,** પ્રચારનું ખાતું ચાલે છે, તેમાં પૂજ્ય પૂર્વાચાર્યો મહારાજકૃત આગમો, તત્ત્વજ્ઞાન, ગણિત, કર્મવિષયક, નાટક, કાવ્યો જે મૂળ પ્રાકૃત–સંસ્કૃત ભાષામાં છપાય છે તે "શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા" નામથી પ્રસિદ્ધ થાય છે.

આ સભાનું સ્થાપન થયા પછી અને કેટલીક સ્થિતિસ્થાપકતા થયા પછી સભાના મૂળભુત ઉદ્દેશ પ્રમાણે ગુરૂદેવના પરિવાર મંડલની આજ્ઞા, કૃપા, વિદ્વત્તા, અને સંશોધનની મૂલ્યવાન સહાયવડે સં. ૧૯૬૬ની સાલથી ( બેંતાલીશ વર્ષથી ) જ્ઞાનભક્તિ અને સાહિત્ય ઉદ્ધારનું આ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે, તેમાં છપાતાં ગ્રંથોનું પ્રકાશન, બ્હોળો પ્રચાર અને ઉદારતાપૂર્વકનું ભેટખાતું ચાલુ છે અને ચાલુ રહેશે આ ખાતામાંથી પ્રકાશન થતાં અમુલ્ય ગ્રંથરત્નો જે અત્યાર સુધીમાં કુલ ૯૧) ની સંખ્યામાં પ્રકટ થયેલા છે, તે આપ જાણીને ખુશી થશો કે ( અનુવાદના ગ્રંથો સિવાયના ) તે પૂજ્ય સાધુ–સાધ્વી મહારાજા, શ્રી જૈન જ્ઞાનભંડારો, જૈન વિદ્વાનો, લાઇબ્રેરીઓ વગેરે આ સાલની આખર સુધીમાં રૂા. ૩૨૨૪પાાાન ના ભેટ આપેલા છે, જે પઠન–પાઠન માટે ઉપયોગી હોવાથી જ્ઞાનભક્તિ, ઉદ્ધાર થતો હોઇ આપણુ સર્વને આનંદ થાય તે સ્વાભાવિક છે; તે બ્હોળા પ્રમાણમાં પ્રકાશન, પ્રચાર, ભેટ વગેરે ચાલુ જ રહે તેમ સભા હૃદયપૂર્વક ઇચ્છે છે સમાજના સહકાર અને સહાય ઉપર જ સર્વ આધાર છે.

**હાલમાં છપાતાં ગ્રંથો—શ્રી બૃહત્કલ્પ છેલ્લો છઠ્ઠો ભાગ**–છપાઇ ગયો છે, બાઇંડીંગ થાય છે. સં. ૨૦૦૮ ના અશાડ માસમાં પ્રગટ થશે.

**૨ શ્રી દ્વાદશારનયચક્રસાર ગ્રંથ—**( મૂળ )–જે જૈનદર્શનનો ન્યાયસાહિત્યનો મહામૂલો ગ્રંથરત્ન છે, જે પરમ કૃપાળુ મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજ તથા કૃપાળુ **શ્રી જમ્બૂવિજયજી** મહારાજે ઘણા જ પરિશ્રમવડે તૈયાર કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેનો જવાબ ભાવિ આપશે. તે ગ્રંથ શ્રી મુંબઇ નિર્ણયસાગર પ્રેસમાં ઊંચા ટકાઉ કાગળો ઉપર શાસ્ત્રી ટાઇપથી છાપવા આપ્યો છે, જે ઘણો જ મ્હોટો હોવાથી પ્રથમ ભાગ જલદીથી પ્રગટ થશે. છાપકામ શરૂ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગ્રંથ પ્રગટ થતાં અન્ય જૈનદર્શનકારો, દેશ પ્રદેશના દર્શનશાસ્ત્રના અભ્યાસીઓ અને જૈનેતર વિદ્વાનોની પ્રશંસા પામ્યા સિવાય રહેશે નહિં.

---

૨ **શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સીરિઝનો** આઠમો ગ્રંથ—**શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર—** બીજું, ત્રીજું, ચોથું પર્વ ( બીજો ભાગ ) છપાઇ ગયેલ છે. બાકીના પર્વોનો યોજના વિચારાય છે.

---

૩ **પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળા**—હાલ તેનું પ્રકાશનખાતું બંધ છે. ઉપરના ત્રણ પ્રકાશન ખાતાઓનો સભા માત્ર વહીવટ કરે છે અને ગુરુઆજ્ઞા પ્રમાણે અને સભા માટે સંશોધન થયેલાં નવા નવા પ્રકાશનો પ્રગટ કરે છે.

---

૪. **શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા:**—આ પ્રકાશનખાતું સભાની માલીકીનું છે. જે જૈન બન્ધુઓના નામથી સિરિઝ ( ગ્રંથમાળા ) તરીકે, તેમજ પોતાના તરફથી મૂળ ગ્રંથોના અનુવાદો, ( ગુજરાતી ભાષાંતરો ) જૈન ઐતિહાસિક કથાઓ, જીવનચરિત્રો અને તત્ત્વજ્ઞાન વગેરે સાહિત્યના પૂર્વાચાર્ય મહારાજની કૃતિના ગ્રંથોનું પ્રકાશન થાય છે. જેમાં તીર્થંકર ભગવંતો, સત્ત્વશાળી નરરત્નો, આદર્શ જૈન સ્ત્રીરત્નો ( સતી ચરિત્રો ) વગેરે અનેક વિષયોના ગ્રંથોનું ગુજરાતીમાં અનુવાદ કરાવી સચિત્ર સુંદર રીતે ગ્રંથો પ્રકટ થાય છે, તે ધારા પ્રમાણે પેટ્રન સાહેબો, લાઇફ મેમ્બરો, પૂજ્ય સાધુ–સાધ્વી મહારાજો, જૈનેતર વિદ્વાનો વગેરેને બ્હોળા પ્રમાણમાં ભેટ આપેલા છે, અપાય છે. અમારા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ઘણી મોટી સંખ્યા અને કિંમતના અત્યાર સુધીમાં સર્વ ગ્રંથો ભેટ આપ્યા છે તેની હકીકત આ રિપોર્ટ પાને ૫ મે આપેલ છે તે વાંચવા નમ્ર સુચના છે. આ ગ્રંથમાળાના કુલ ગ્રંથો ૯૦ પ્રકાશન પામેલા છે.

પૂજ્ય પૂર્વાચાર્યો રચિત મૂળ ગ્રંથો ઉપરથી ગુજરાતી ભાષાંતરના અનુવાદોના પ્રકાશન ગ્રંથો માટે પૂજ્ય મુનિરાજો, સભાસદ બન્ધુઓ, જૈનેતર વિદ્વાનોના સુંદર અભિપ્રાયો તેમજ પત્રકારોની સમાલોચના અને અભિપ્રાયો મળ્યા કરે છે, તેની નોંધ તે જ વખતે આત્માનંદ પ્રકાશમાં પ્રકટ થાય છે; તેથી જ્ઞાનભક્તિ સાથે, સભાની પ્રતિષ્ઠા, ગૌરવની વૃદ્ધિ થતી જાય છે. જૈન બન્ધુઓ અને બ્હેનો હોંશે હોંશે વાંચે છે, અને જ્ઞાનની ભક્તિ કરી આત્મકલ્યાણ સાધે છે અને નવા નવા સભ્ય થઈ તેનો લાભ પણ લે છે.

**આ ગ્રંથમાળાના છપાતાં નવા ગ્રંથો:—શ્રી કથારત્ન કોષ** પ્રથમ ભાગ છપાઇ ગયેલ છે, બાઇંડીંગ થાય છે. **શ્રી શ્રેયાંસનાથપ્રભુ ચરિત્ર** તથા **શ્રી સુમતિનાથ ભગવંત ચરિત્ર** સચિત્ર છપાય છે. શ્રી કથારત્નકોષ બીજો ભાગ યોજનામાં છે. નવા ગ્રંથો તૈયાર કરવાની જે વિચારણા ચાલે છે તે સર્વ આત્માનંદ પ્રકાશમાં આપવામાં આવે છે. હાલના પરિવર્તનવાળા કાળમાં છાપકામના કાગળો અને તેને લગતા અન્ય સાહિત્યો પ્રથમની જેમ જોઇએ તેવા સારા સુલભ રીતે મળતાં નથી અને મેળવવાની મુશ્કેલીઓ કન્ટ્રોલ, અછત વગેરેથી વધી છે, તેથી ગ્રંથોનું પ્રકાશન કાર્ય બહુ જ ધીમી ગતિએ ચાલે છે.

---

**પરમ આભાર દર્શન**—જૈન સમાજમાં વિદ્વાન, સાક્ષરોત્તમ અને સાહિત્યકાર તરીકે પ્રશંસાપાત્ર થયેલા આપણા ગુરુદેવ **શ્રીમાન્ પુણ્યવિજયજી મહારાજ** કે જેમની અપૂર્વ કૃપા આ સભા ઉપર હોવાથી સભાના મૂલ પ્રાકૃત, સંસ્કૃત ગ્રંથોનું જે સભા તરફથી પ્રકાશન થાય છે, તેનું અપૂર્વ સંશોધન કાર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલું બધું સત્ય અને સુંદર કરી સભાને સુપ્રત કરે છે કે જેથી સભાની દેશ-પ્રદેશમાં પણ સાહિત્ય પ્રકાશન માટે પ્રશંસા થાય છે, તેથી આ સભા તેઓશ્રીની આભારી હોવા સાથે જૈન સમાજ ઉપર પણ તે પ્રકાશન થતાં જેવો તેવો ઉપકાર નથી, સેંકડો વર્ષો પછી પણ તે ગુરુદેવને સમાજ યાદ કરશે અને તે સાહિત્ય ગ્રંથો પણ જવાબ આપશે, કૃપાળુ શ્રી પુણ્યવિજયજી મહારાજની વળી શારીરિક સ્થિતિ જોઇએ તેવી નહિં હોવા છતાં પાટણ શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાંના આગમો-પંચાંગી વગેરેનું સંશોધનનું મહદ્કાર્ય પૂજ્ય ગુરુશ્રી પુણ્યવિજયજી મહારાજને ત્યાંના શ્રીસંઘે વિનંતિ સાથે સોંપ્યું છે, તેનું અપૂર્વ સંશોધન વગેરે હાથમાં હોવા છતાં આ સભાનું સંશોધન કાર્ય પણ સાથે જ ચાલુ છે અને વિવિધ સાહિત્ય ગ્રંથો એક પછી એક સંશોધન કરી સભાને કૃપાની રાહે સુપ્રત કરે છે. અનુવાદના ગ્રંથોમાં પણ સભા તેઓશ્રીની જરૂર પડે સલાહ લે છે. આટલું આટલું ભગીરથ કાર્ય હાથમાં હોવા છતાં દોઢ વર્ષ પહેલાં મહાકષ્ટવડે ઉગ્ર વિહાર કરી ઘણા દૂર જેસલમીર શહેર કે જ્યાં પ્રાચીન જ્ઞાન-ભંડારો છે, જેમાં અમુલ્ય સાહિત્ય રત્નો ઘણાં છે, તે સદ્‌ભાગ્યે ત્યાંના જૈનસંઘ તરફથી વિનંતિપૂર્વક પૂજ્ય કૃપાળુશ્રીને તપાસવા-સંશોધનકાર્ય સ્વતંત્ર રીતે સોંપ્યું હતું જેથી ત્યાં અઢાર માસ રહી મહાન પ્રયત્ન સેવી સંશોધન, ઉદ્ધાર, વ્યવસ્થિત, રજીસ્ટર અને સંરક્ષણ માટે જે ભગીરથ કાર્ય કરેલું છે તે પ્રશંસનીય, જૈન સમાજ ઉપર મહાન ઉપકારક હોઇ ભાવિમાં એક મહાન વિભૂતિ કે વિદ્વાન જ્યોતિર્ધરે કરેલું તે કાર્ય લેખાશે. એ સર્વ પરિપૂર્ણ કરી ત્યાંથી સુખ-શાંતિપૂર્વક વિહાર કરી જે જે શહેરોમાં પધારે છે, ત્યાં ત્યાં શાસ્ત્રોદ્ધાર સંશોધનનું અનુપમ કાર્ય કરે છે, જે જૈન સમાજ ઉપર જેવો તેવો ઉપકાર નથી. જૈનદર્શનના ભાવિ ઉજ્વળ માટે આ મહામુલ્ય પ્રયત્નો થાય છે જે સોનેરી અક્ષરે સચવાઇ રહેશે. આટલા આટલા તે પૂજ્ય પુરુષ જ્ઞાનોદ્ધાર-ભક્તિના કાર્યો કરી રહેલ છે.

તેઓ સાહેબના દાદાગુરુ શાંતમુર્તિ શ્રી પ્રવર્ત્તકજી **શ્રી કાન્તિવિજયજી મહારાજ** અને તેઓ સાહેબના પૂજ્ય વિદ્વાન ગુરુદેવ **શ્રી ચતુરવિજયજી મહારાજ**ની કૃપા આ સભા ઉપર પ્રથમથી જ હતી. સાહિત્ય સંશોધક અને પ્રકાશનની શરૂઆત પણ તેઓશ્રીની કૃપાવડે જ ઘણા વર્ષોથી શરૂ થયેલ છે, અને પૂજ્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ વંશપરંપરાગત ગુરુભક્તિ અને સાહિત્યસેવાનો વારસો લઇ રહ્યા છે, જેથી સભા નિરંતરને માટે તેઓશ્રીનો આભાર જેટલો માનીયે તેટલો ઓછો છે.

આચાર્યશ્રી **વિજયકસ્તૂરસૂરિ** મહારાજની પણ કૃપા સભા ઉપર છે. તેઓશ્રીની ઉચ્ચ કક્ષાના આવતા લેખોથી " આત્માનંદ પ્રકાશ "ની પ્રતિષ્ઠા વધી છે જેથી તેઓશ્રીનો આભાર માનવામાં આવે છે.

આચાર્યદેવ શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજની હાલ વૃદ્ધાવસ્થા થયેલ હોવા છતાં કૃપાદૃષ્ટિ સભા ઉપર ચાલુ છે. તેઓશ્રી સભા કાયમ માટે આભારી છે. સભા કૃપાળુનું દીર્ઘાયુ ઇચ્છે છે અને સુખશાતામાં રહી જૈન સમાજ ઉપર વિશેષ-વિશેષ ઉપકાર કરે તેમ પરમાત્માની પ્રાર્થના સભા કરે છે.

આટલી વયોવૃદ્ધ આંખોનું તેજ ઘટવા છતાં સતત્ વિહાર જૈન સમાજ ઉપરની મહાન કૃપાવડે તેના ઉદ્ધાર માટે ભગીરથ પ્રયત્નો ઉપદેશદ્વારા કરે છે તેટલું જ નહિ આ સભા ઉપરની તેઓની અપૂર્વ કૃપાવડે આ વર્ષના જેઠ શુદ ૨ ના રોજ ખરી ગરમીની ઋતુમાં સભાની વિનંતિ ધ્યાનમાં લઇ સતત વિહાર કરી તળાજે પધારી સભાના વાર્ષિક મહોત્સવમાં સપરિવાર હાજરી આપી જે ઉપકાર કર્યો છે, તે વર્ષગાંઠ મહોત્સવ દિવસને અપૂર્વ સભા પણ ગણે છે તે માટે તેઓનો સભા જેટલો આભાર માને તેટલો ઓછો છે અને જીવનમાં ભૂલી શકાય તેમ નથી.

**ખાસ આભાર**—પ્રાતઃસ્મરણીય, શાંતમૂર્તિ આચાર્યભગવાન શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજના સુશિષ્ય શ્રી **ભુવનવિજયજી** મહારાજના વિદ્વાન, સાક્ષર, ઇતિહાસવેત્તા, ન્યાયનિષ્ણાત સુશિષ્ય મુનિરાજશ્રી **જમ્બૂવિજયજી** મહારાજ હાલ જેઓ પૂજ્ય ગુરુત્રય સાથે દક્ષિણમાં વિચરી અનેક સ્થળોએ વ્યાખ્યાનદ્વારા અને અન્ય રીતે ત્યાંના જૈન જૈનેતર પ્રજા ઉપર ઉપકાર કરી રહેલ છે, તેટલું જ નહિ પરંતુ આ સભા તરફથી હાલમાં છપાતો ન્યાયનો ઉચ્ચ કોટીનો મુખ્ય અને મ્હોટો ગ્રંથ **શ્રી નયચક્રસાર** ગ્રંથનું સંપાદન કાર્ય અનેક પ્રયત્નોવડે બૌદ્ધ દર્શન વગેરે ન્યાયના ગ્રંથો મેળવી જે કરી આપ્યું છે, તે માટે આ સભા અંતઃકરણપૂર્વક આભાર માને છે. સભા માને છે કે તે ગ્રંથ છપાઇ તૈયાર થતાં જૈન જૈનેતર વિદ્વાનો, દર્શનશાસ્ત્રીઓ અતિપ્રશંસા કરશે અને ભાવિ તેનો જવાબ આપશે તેટલું જ નહિં પરંતુ સંપાદક મુનિ મહારાજશ્રી જમ્બૂવિજયજી મહારાજની આવા નિષ્ણાતપણા માટે ભાવિમાં પણ વિદ્વાનો પ્રશંસા કરશે. વળી મહારાજશ્રી ત્યાંના પ્રાચીન તીર્થોના ઇતિહાસ, શોધખોળ માટે સદા પ્રયત્ન શીલ છે. અને તીર્થોમાં બિરાજમાન શ્રી અંતરિક્ષજી પાર્શ્વનાથ ભગવાન વગેરેના ફોટાઓ લેવરાવી ભારત જૈન સમાજને ઘેર બેઠા દર્શન થાય તે માટે સભાને મોકલી આત્માનંદ પ્રકાશમાં પ્રકાશન કરાવે છે અને તેવા ઉત્તમ કાર્યો કરવાવડે સમાજ ઉપર અનેક ઉપકાર કરી રહ્યા છે.

સભાના આ સર્વ પ્રકાશનો માટે પૂજ્ય મુનિમહારાજો, જૈન જૈનેતર વિદ્વાનો, સાક્ષરો અને સાહિત્યકારો, પરદેશી દર્શનશાસ્ત્રના અભ્યાસીઓએ સભાની મુલાકાત લઇ તપાસી આનંદ વ્યક્ત કર્યો છે.

---

## ૫. સસ્તા સાહિત્યની યોજના–પ્રકાશન અને–પ્રચાર

સભાના ઉદ્દેશ પ્રમાણે સસ્તા સાહિત્યનું પ્રકાશન પ્રચારનું કાર્ય ચાલુ છે, **શ્રી અનેકાન્તવાદ** ગ્રંથ છપાઇ પ્રકટ થયેલ છે, બીજો ગ્રંથ **શ્રી નમસ્કાર મહામંત્ર** નિબંધ ગ્રંથ છપાય છે ત્રીજો નિબંધ **ચારિત્ર** માટે વિચારાય છે. તેની જાહેર અગાઉથી આત્માનંદ પ્રકાશમાં અપાય છે.

---

૫ ( **શ્રી આત્મકાન્તિ** ) જ્ઞાનમંદિર–સભાના મૂળ ભૂત ઉદ્દેશ પ્રમાણે સભાએ મુખ્ય મકાનની બાજુમાં તે માટે વેચાણ લીધેલ મકાન ફાયરપ્રુફ ચણાવવાની શરૂઆત ગયા વર્ષના શ્રાવણ વદી ૧ ના રોજ કરેલી હતી અને તેનું કુંભસ્થાપનાનું અપૂર્વ પ્રવેશની માંગલિક ક્રિયા વિધિપૂર્વક ( સં. ૨૦૦૭ ના ) ગયા વૈશાખ વદી ૧૧ ગુરૂવાર તા. ૧૭–૫–૫૧ ના રોજ ઉત્તમ મુહૂર્તે શેઠ ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળાના મુબારક હસ્તે કરવામાં આવેલ છે.*

---

## ૪ શ્રી આત્મારામજી જૈન લાઇબ્રેરી.

| | | | |
|---|---|---|---|
| વર્ગ ૧ લો. | જૈનધર્મના પુસ્તકો ( છાપેલા ) | ૩૨૯૨ | કિંમત રૂા. ૪૯૬૩–૮–૦ |
| વર્ગ ૧ લો બ. | ,, પ્રતો ( ,, ) | ૯૦૦ | રૂા. ૧૩૭૪-૧૦-૦ |

* શ્રી જ્ઞાનમંદિરનું ઉદ્‌ઘાટન, નામાભિધાન તથા જ્ઞાનમંદિરની પ્રતિષ્ઠા ( સ્થાપના ) પણ સભાની ઇચ્છા પંજાબ નરકેશરી મહાવિભૂતિ શાસન પ્રભાવક **શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજી** મહારાજના પવિત્ર હસ્તે જે કરવાની હતી તે પણ ગુરૂકૃપાથી થયેલ છે અને **શ્રી આત્મકાન્તિ જ્ઞાનમંદિર** તેનું નામાભિધાન કરવામાં આવ્યું છે, જે આત્માનંદ પ્રકાશ પુ. ૪૯ અંક ૬–૭ માં સંપૂર્ણ હેવાલ પ્રકટ થયેલ છે તે સર્વ વાચકોની ધ્યાનમાં છે, હવે માત્ર તે શ્રી જ્ઞાનમંદિરના ત્રીજા માળે શ્રી મોહનલાલભાઇ તારાચંદ જે. પી. સાહિત્ય હોલનું ઉદ્‌ઘાટન અને નામાભિધાન બંને હવે પછી ઉત્સાહપૂર્વક કરવાના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| વર્ગ ૨ જો | છાપેલા આગમો | ૨૯૯ | રૂા. ૧૬૪૧-૧૦-૦ |
| વર્ગ ૩ જો | હસ્તલિખિત પ્રતો | ૧૭૩૬ | કિંમત રૂા. એક લાખ ઉપરાંત |
| વર્ગ ૪ થો | સંસ્કૃત ગ્રંથો | ૫૧૩ | રૂા. ૧૭૦૩-૧૨-૦ |
| વર્ગ ૫ મો | નોવેલ નીતિના ગ્રંથો | ૭૬૨૧ | રૂા. ૫૬૯૨-૮-૦ |
| વર્ગ ૬ ઠ્ઠો | ઇંગ્રેજી ગ્રંથો | ૨૩૪ | રૂા. ૭૧૭-૬-૦ |
| વર્ગ ૭ મો | માસિક ફાઇલ | ૫૦૯ | રૂા. ૧૨૫૭-૮-૦ |
| વર્ગ ૮ મો | હિન્દી ગ્રંથો | ૩૨૫ | રૂા. ૬૭૦ ૧૨-૦ |
| વર્ગ ૯ મો | બાલ વિભાગ બુકો | ૨૭૭ | રૂા. ૧૪૦-૧૦-૦ |
| | | **કુલ બુકો ૧૧૭૦૬** | **કુલ રૂા. ૧૮૧૬૨-૪-૦** |

ખાસ વર્ગ—શ્રી પાલીતાણા શ્રી પવિત્ર શત્રુંજય તીર્થની તળાટી પાસે આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના અતિ પ્રયત્ને શ્રી સુંદર **આગમમંદિર** થયેલ છે, જેની દિવાલો પર આપણા પૂજ્ય આગમો ( આરસ ઉપર ) કોતરાયેલ છે, તે જ ટાઇપથી તે પૂજ્ય આગમો સુંદર શાસ્ત્રી ટાઇપોથી છપાયેલા છે જે સુંદર પેટીમાં પધરાવેલ છે, જેને **શ્રી આગમ રત્નમંજૂષા**—નામ આપેલ છે, તે પણ ખરીદીને સભાએ આગમ મંદિરમાં બિરાજમાન કરેલ છે. ( કિંમત રૂા. ૪૦૦ ) તે રકમ જુદી છે.

ગઇ સાલ આખર સુધી પુસ્તક ૧૧૪૪૯) રૂા. ૧૭૪૪૦-૧૨-૦ ના હતા, સાલની આખર સુધીમાં નવા પુસ્તકો વધતાં કુલ પુસ્તકો ૧૧૭૦૬) રૂા. ૧૮૧૬૨-૪-૦ ના થયા છે. દિવસાનુદિવસ તેમ સારાં પુસ્તકોની વૃદ્ધિ થયા કરે છે.

---

૬ **શ્રી આત્માનંદ પ્રકાશ**—ઓગણપચાશ વર્ષથી નિયમિત રીતે દર મહિને પ્રકટ થાય છે. તેની અગીયારસો ઉપરાંત કોપીયો છપાય છે. ગ્રાહકોને જાય છે. લડાઇ દરમ્યાન અને હજુસુધી કાગળ, છાપકામ વગેરે તેના લગતા સાહિત્યની સખ્ત મોંઘવારીને લઇને માત્ર વાર્ષિક રૂા. ૩) ત્રણ, હાલ કિંમત રાખવામાં આવી છે. વિદ્વાન મુનિમહારાજા અને જૈન સાક્ષર બંધુઓના સામાજિક, ઐતિહાસિક, તત્ત્વજ્ઞાનના ઉચ્ચ કક્ષાના લેખો અને કવિતાવડે વાચકોની પ્રશંસા પામેલ છે. છપાવતાં તૂટો પડતો હોવા છતાં સમાજ પાસે ખોટ પૂરી કરવા ઉઘરાણું કર્યું નથી. હજી પણ મોંઘવારી વધતી જતી હોવાથી આવતા વર્ષ માટે વિશેષ તૂટો ન પડે તે માટે સભા વિચારણા કરે છે.

---

**બંને પ્રકારની કેળવણીને ઉત્તેજન અને મળેલા ફંડો**—આ સભાએ સભાસદો વગેરેવડે કરેલું પ્રાતઃસ્મરણીય **શ્રી કાન્તિવિજયજી મહારાજ સ્મારક કેળવણી ફંડ**—( જેમાં હજી કેટલાક સભ્યોની રકમ ભરાવાની છે ) તેના વ્યાજમાંથી સભાએ કરેલ ઠરાવ મુજબ તેઓ સાહેબની સ્વર્ગવાસ તીથી અસાડ શુદ ૧૦ ના રોજ જાહેર મેળાવડો કરી મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થાય તેને સુવર્ણપદક સભા તરફથી, તેમજ બીજે નંબરે પાસ થાય તેને રૌપ્યપદક શેઠ દેવચંદ દામજીના તરફથી આવેલી રકમના વ્યાજમાંથી આપવાનો ઠરાવ કરવામાં આવેલો છે, તેનો અમલ આવતા વર્ષથી કરવામાં આવશે, અને શ્રી મુળચંદભાઇ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડના વ્યાજમાંથી તેમજ સભાના પોતાના તરફથી બંને પ્રકારની કેળવણીના ઉત્તેજન અર્થે, સ્કોલરશીપો, બુકો વગેરે જૈન વિદ્યાર્થીઓને દરવર્ષે આપવામાં આવે છે. તેમજ તે સિવાય રૂા. ૨૦) શ્રી વૃદ્ધિચંદજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાયકશાળાને અને રૂા. ૧૨૫) શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાને ધાર્મિક શિક્ષણના ઉત્તેજનાર્થે દર વર્ષે અપાય છે અને તેનો વહીવટ પણ સભા કરે છે.

---

**જૈન બંધુઓ માટેનું રાહત ફંડ**—શ્રી ખોડીદાસ ધરમચંદ જૈન બંધુઓ માટે રાહત ફંડ તથા રાષ્ટ્રીય મહોત્સવ દિનની ખુશાલી નિમિત્તે સભાએ જુદી મૂકેલ એ બંને રકમના વ્યાજમાંથી બંનેમાંથી જરૂરીયાતવાળા બંધુઓને રાહત અપાય છે. તે ફંડ વધારી આપણા સ્વામીભાઇઓને વિશેષ રાહત કેમ આપી શકાય તેનો પ્રયત્ન થાય છે.

---

**મહોત્સવો**—આ સભાનો વાર્ષિક મહોત્સવ દિન-વોરા હઠીસંગભાઇ ઝવેરચંદે પોતાની હૈયાતીમાં આપેલ એક રકમનું વ્યાજ સભા, અને પોતે કહી ગયેલ બાકીની રકમનું વ્યાજ તેમના ધર્મપત્ની શ્રી હેમકુંવર બ્હેન દર વર્ષે જેઠ સુદ ૨ ( સભા સ્થાપના દિન ) શ્રી તળાજા તીર્થે ઉજવવા નિમિત્તે આપે છે. ( વોરા હઠીસંગભાઇએ આપવાની કહેલ રકમ હવે પછી આપવા તેમના ધર્મપત્નીએ જણાવેલ છે ) તે વડે દર વર્ષે સભા ઉજવે છે, તેથી તીર્થયાત્રા દેવગુરુભક્તિ વગેરેનો લાભ સભાસદો લેતા હોવાથી આત્મકલ્યાણની વૃદ્ધિ થાય છે.

---

**આનંદ મેળાપ**—દર બેસતે વર્ષે આ સભાના પ્રમુખ શેઠ **શ્રીયુત્ ગુલાબચંદ આણંદજી**એ આપેલી રકમના વ્યાજમાંથી સભાસદોને દૂધપાર્ટી અપાય છે, અને મેમ્બરો તરફથી પ્રથમ જ્ઞાનપૂજન પણ થાય છે.

**જ્ઞાનપૂજન**—દર વર્ષે કારતક શુદ ૫ ( જ્ઞાનપંચમી )ના રોજ સભાના મકાનમાં જ્ઞાન પધરાવી પૂજન વગેરે કરી જ્ઞાનભક્તિ કરવામાં આવે છે.

---

**દેવગુરુભક્તિ અને ગુરુજયંતિઓ**—પ્રાતઃસ્મરણીય **શ્રી આત્મારામજી મહારાજ**ની જન્મતિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી તે દિવસે દર વર્ષે સભાસદો **શ્રી પવિત્ર શત્રુંજય** તીર્થે જઇ, વિવિધ પૂજા ભણાવી તથા શ્રી આદિનાથ પ્રભુ, શ્રી પુંડરીકજી મહારાજ તથા ગુરુશ્રીની આંગી રચવા સાથે સભાસદોનું સ્વામીવાત્સલ્ય દર વર્ષે ત્યાં કરવામાં આવે છે. સભા માટે આ એક અપૂર્વ ભક્તિદિન છે. આ ગુરુભક્તિના ઉત્તમ કાર્ય માટે ગુરુભક્ત ઉદારદીલ શેઠ સકરચંદભાઇ મોતીલાલ મુળજીએ એક રકમ સભાને સુપ્રત કરી છે, જેના વ્યાજમાંથી ખર્ચ થાય છે. એ રીતે શ્રી શત્રુંજય પવિત્ર તીર્થ તથા શ્રી તાલધ્વજગિરિ તીર્થ બે તીર્થોની યાત્રાનો સર્વ સભાસદોને દર વર્ષે અપૂર્વ લાભ દેવગુરુભક્તિ સાથે મળે છે.

દર વર્ષે માગશર વદી ૬ ના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રી મૂળચંદજી મહારાજ**ની તેમજ આસો શુદિ ૧૦ ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાન્તમૂર્તિ પરમકૃપાળુ **શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજ**ની સ્વર્ગવાસ જયંતિઓ માટે થયેલા ફંડોના વ્યાજમાંથી ઉપરોક્ત રીતે દેવગુરુભક્તિ વગેરેથી અત્રે જયંતિ ઉજવાય છે. આ સભાનું ધન્યભાગ્ય છે કે ગુરુભક્તિના આવા પ્રસંગો સાંપડ્યા છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મીટિંગોનો સંક્ષિપ્ત અહેવાલ.

## ( સં. ૨૦૦૭ )

**મેનેજીંગ કમીટીઃ**—( ૧ ) સં. ૨૦૦૭ ના કારતક શુદ ૮ શુકરવાર તા. ૧૭-૧૧-૫૦.

આ સભાના માનવંતા પેટ્રન રાવબહાદુર શેઠશ્રી જીવતલાલભાઇ પ્રતાપશી ધંધા વગેરેથી નિવૃત્ત થઇ અગીયાર લાખ નવકારનો જાપ, નવાણું યાત્રા, ઉપધાન વહન વગેરે આત્મકલ્યાણના કાર્યો કરી થોડા દિવસમાં પાલીતાણેથી મુંબઇ જવાના છે તેઓશ્રીને ભાવનગર પધારવા માટે આમંત્રણ કરવાનો ઠરાવ કરવામાં આવ્યો. અને ત્યારબાદ ડેપ્યુટેશન પાલીતાણે ગયું હતું જ્યાં આમંત્રણ કર્યા બાદ ત્યાં બિરાજતાં આ. શ્રી વિજય પ્રેમસૂરિ, આ. શ્રી વિજય રામસૂરિ અને પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજની સેવામાં સસ્તા સાહિત્યના શ્રી નમસ્કાર મહામંત્ર નિબંધ પ્રકટ કરવા કેટલીક વાતચીત થઇ હતી.

શેઠ સાહેબ જીવતલાલભાઇને જલદીથી મુંબઇ જવાનું હોવાથી ભાવનગર આવી શકે તેમ ન હોવાથી પાલીતાણાથી વિદાય થતાં સીહોર સ્ટેશને કારતક વદી ૨ રવિવાર તા. ૨૬-૧૧-૫૦ ના રોજ આ સભાના સભાસદોએ જઈ તેમનો તથા સસ્તા સાહિત્યના નિબંધના પ્રથમ નંબરના લેખક ડૉ. હરિસત્ય ભટ્ટાચાર્યજી એમ. એ સાથે હોવાથી તેમનો સત્કાર કરવામાં આવ્યો હતો. અને ભટ્ટાચાર્યજીએ સભાના સાહિત્ય પ્રકાશન પ્રવૃત્તિ માટે પ્રશંસા કરી હતી.

**મેનેજીંગ કમીટીઃ**—(૨ ) સં. ૨૦૦૭ ના કારતક વદી ૧૦ સોમવાર તા. ૪-૧૨-૫૦ ના રોજ મળી હતી.

( ૧ ) સં. ૨૦૦૬ ની સાલનો હિસાબ, આવક જાવક સરવૈયું વગેરે સવિસ્તર આવતી સાલના બજેટ સહિત રજુ કરવામાં આવ્યું હતું જે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. રિપોર્ટ છપાવવા મંજુરી આપવામાં આવી હતી.

( ૨ ) સભાના મુખ્ય સેક્રેટરી ગાંધી વલ્લભદાસે સભાની થતી જતી પ્રગતિ, સાહિત્ય પ્રકાશન, લાઇબ્રેરીમાં ગ્રંથોનો થતો વધારો, સભાસદોની થતી જતી વૃદ્ધિ, તીર્થયાત્રાઓ, દેવગુરુભક્તિ અને વ્યવસ્થિત વહીવટ માટેનું વિવેચન કર્યું હતું. અને દિવસાનુદિવસ મળતા અભિપ્રાયો માટે આનંદ વ્યક્ત કર્યો હતો.

( ૩ ) થોડા દિવસ પહેલાં મુનિમના મેજને તોડી ખરે બપોરે ચોરી થઇ હતી તે તેમજ તે અગાઉ પ્રાઇમસ, પંખાની થયેલી ચોરીની હકીકત જાહેર કરવામાં કરવામાં આવી હતી.

**મેનેજીંગ કમીટીઃ**—( ૩ ) સં. ૨૦૦૭ માગશર સુદ ૨ સોમવાર તા. ૯-૧૨-૫૦

શ્રી જ્ઞાનમંદિરના પ્રવેશ દ્વારનું મુહૂર્ત કરવાનું હોઇને કમીટી બોલાવવામાં આવી હતી. અને આનંદપૂર્વક શેઠ ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળાને મુબારક હાથે ઠરાવ પ્રમાણે મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

**જનરલ મીટીંગઃ**—( ૧ ) સં. ૨૦૦૭ ના માગશર શુદ ૯ રવિવાર તા. ૧૭-૧૨-૫૦.

( ૧ ) સં. ૨૦૦૬ ની સાલનું સરવૈયું, આવક જાવકનો હિસાબ, સં. ૨૦૦૭ ની સાલનું બજેટ મંજુર કરવામાં આવ્યું અને રિપોર્ટ છપાવવાની મંજુરી આપવામાં આવી.

( ૨ ) સભાના મુખ્ય સેક્રેટરી ગાંધી વલ્લભદાસે સભાની વર્તમાન પ્રગતિશીલ સ્થિતિ પર વેધક પ્રકાશ પાડ્યો હતો. અને જણાવ્યું હતું કે તે સર્વ સભાસદોના સહકાર અને સહાયને આભારી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તા. ૧૩-૩-૫૧ ના રોજ જુનાગઢ મુકામે જૈન કોનફરન્સનું ૧૮ મું અધિવેશન મળવાનું હોવાથી ( ફાગણ વદી ૨-૩ તા. ૨૭-૩-૫૧ ) તમામ સભાસદોને સરક્યુલર વંચાવી કોન્ફરન્સમાં ભાગ લેવા જનાર બંધુઓના નામો લખી મોકલ્યા હતા.

**મેનેજીંગ કમીટીઃ**—( ૪ ) સં. ૨૦૦૭ ચૈત્ર સુદ ૬ તા. ૧૫-૪-૫૧.

શેઠ ભોગીલાલભાઇ મગનલાલ વિલાયત સિધાવવાના હોવાથી તેમને અભિનંદન કે સત્કાર શી રીતે કરવો તેનો નિર્ણય કરવામાં આવ્યો હતો, પરંતુ વિલાયત જવું મુલતવી રહેલ હોવાથી કંઇપણ કરવામાં આવ્યું નથી.

**જનરલ મીટીંગઃ**—( ૨ ) સં. ૨૦૦૭ ના ચૈત્ર શુદ ૧૧ મંગળવાર તા. ૧૭-૪-૫૧.

શ્રીયુત મોતીચંદભાઇનો તા. ૧૭-૪-૫૧ ના રોજ સ્વર્ગવાસ થતાં તેમણે કરેલી શ્રી મહાવીર વિદ્યાલય અને સાહિત્ય સેવા માટે આ સભાના સેક્રેટરી અને વકીલ ભાઇચંદ અમરચંદે અસરકારક વિવેચનો કર્યા હતા અને સર્વાનુમતે દિલગીરીનો ઠરાવ પસાર કર્યો હતો અને તેમના કુટુંબીજનને પ્રમુખની સહીથી મોકલી આપવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

**મેનેજીંગ કમીટીઃ**—( ૫ ) સં. ૨૦૦૭ ના વૈશાક શુદ ૯ તા. ૧૭-૫-૫૧ શ્રી જ્ઞાનમંદિરનું મકાન તૈયાર થતાં વૈશાક શુદ ૧૧ ગુરુવાર તા. ૧૭-૫-૫૧ ના રોજ કુંભસ્થાપન ( અપૂર્વ પ્રવેશ ) શેઠ સાહેબ ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળાના મુબારક હસ્તે કરાવવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો અને વૈશાક શુદી ૧૧ ના રોજ મંગળ મુહૂર્ત તે પ્રમાણે થયેલ હતું, અપૂર્વ પ્રવેશ થયો હતો.

**મેનેજીંગ કમીટીઃ**—( ૬ ) સં. ૨૦૦૭ વૈશાક વદી ૪ ગુરૂવાર તા. ૨૪-૫-૫૧ ના રોજ આ સભાના સભાસદો પાલીતાણે આચાર્યમહારાજ શ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીને વંદન કરવા ગયા હતા જ્યાં આચાર્ય મહારાજ સાથે જે વાતચીત થયેલી હતી તે સભાસદોને જાહેર કરી હતી. સર્વ સભાસદો સાંભળી આનંદ પામ્યા હતા.

---

## સંવત ૨૦૦૭ ની સાલનું સરવૈયું.

| જ | | ઉ | |
|---|---|---|---|
| ૧૩૫૨૯ાા≈ાા | જ્ઞાન તથા પુસ્તક સંબંધી ખાતા | ૨૦૭૯૮) | લાયબ્રેરી તથા ડેડ સ્ટોક |
| ૪૩૪૫૧) | સીરીઝ ગુજરાતી | ૨૮૨૦૫ાા૦ાા | પુસ્તકો સંબંધી ખાતા |
| ૧૨૧ા≈ા | છાપખાના | | ૨૮ાા-ા ૨૮૨૩૪)≈ા |
| ૧૦૩૦૪૦)≈ | સાધારણ પેટ્રન તથા લાઇફ મેમ્બર | ૬૧૩૯ા≈ાા | છાપખાના તથા બુકસેલર |
| ૧૦૦૧૮) | મકાન ખાતુ | ૧૧૧૩૬૨ાાા- | મકાન ખાતા |
| | ૧૮) બાબુલાલ પાનાચંદ | | ૫૧૪૨૬ાા- આત્માનંદ ભુવન |
| | ૫૦૦૦) ભોગીલાલ મગનલાલ | | ૨૦૭૧૪) જ્ઞાનમંદિર |
| | ૫૦૦૦) મોહનલાલ તારાચંદ | | ૩૮૫૮૮)≈ાા આત્માનંદ પુણ્ય ભુવન |
| | ૧૦૦૧૮) | | ૬૩૪) નથુ દેવચંદ |
| | | | ૧૧૧૩૬૨ાાા- |
| ૨૨૦૯૯ા | જયંતિ તથા ફંડ ખાતા | ૨૯૦૦૦ા≈ | શરાફી લેણું |
| ૪૮૮૪ાાા≈ | શરાફી દેવું | | ૩૮૭૨) ફતેચંદ ઝવેરભાઇ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | |
|---|---|---|---|
| ૩૭૮ાાાન્ના | મેમ્બર ઉબળેક તથા લા. ડીપોઝીટ | ૧૦૦૦૦) | સ્ટેટ બોન્ડ |
| | ૨ાાન્ન ૨૬૧૧ાાા ૧૧૫) | ૧૫૧૨૮ાન્ન | સેવીંગ બેંક તથા કરન્ટ |
| ૧૯૭૫૨૩ાન્ | | ૨૯૦૦૦ાન્ન | |
| | | ૬૦૭) | મેમ્બરો પાસે લેણા |
| | | ૧૨૦૭ાન્ાા | ઉબળેક ખાતે લેણું |
| | | ૧૭૮)ન્નાા | પરાંત આસો વદ ૦)) |
| | | ૨૮ાાન્ાાા | સરવૈયા ફેર |
| | | ૧૯૭૫૨૩ાન્ | |

## આવતા વર્ષ માટે શરૂ કરવાના ભક્તિ-સેવાના કાર્યો અને મનોરથો.

સભાની ઇચ્છા, વિચાર કે ધ્યેય નાણા વધારવા કે સંગ્રહી રાખવાનો નથી, પરંતુ તેની જેમ જેમ આર્થિક સ્થિતિ વધતી જશે તેમ તેમ ધારાધોરણ પ્રમાણે દરેક ખાતાઓમાં થતાં સદ્વ્યય બાદ જતાં જે રકમ ફાઝલ પડશે તે જરૂર પડે તો મુદ્દલ કે ધારા પ્રમાણે તેના વ્યાજમાંથી ( જ્ઞાનખાતા ) કે સિરિઝના ખાતા સિવાયના જે નાણાં હશે ) તેનો દેવ ગુરૂ ધર્મ અને સમાજ સેવા માટે સભા પ્રથમ યોજના તૈયાર કરશે અને તે રીતે તે તે ખાતામાં સદ્વ્યય કરશે કે જેનાથી સભાની પ્રગતિ, ગૌરવ અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાય.

સભાનો ખર્ચ જેમ વધતો જાય છે, તેમ તેની સાથે નવા સભાસદોની વૃદ્ધિ, સભાની પ્રતિષ્ઠા, ગૌરવ વધતાં સભાની કાર્યવાહી પ્રત્યે સંતોષ અને સમાજપ્રિયતા વધતી જાય છે. જૈન બંધુઓ અને બ્હેનો વગર લખ્યે સભ્યો થઇ, સહાયક થઇ સભાની પ્રગતિમાં ફાળો આપ્યે જાય છે. છેવટે સભા ભાવિમાં વિશેષ પૂર્વાચાર્યોકૃત ઉત્તમોત્તમ સાહિત્ય પ્રકટ કરી, જ્ઞાનદાન, પ્રચાર અને જ્ઞાનભક્તિ કરે તેમજ ( ૧ ) પ્રથમ ધાર્મિક કેલવણી ( ૨ ) વ્યવહારિક ( સ્કુલ ) કેલવણી અને ( ૩ ) ઔદ્યોગિક કેલવણી વગેરે જૈન બાળકો વિશેષ રસ લેતા કેમ થાય ? તે માટે, સ્કોલરશીપ, બુકો કે લોન સીસ્ટમે આગળ વધવામાં સહાય જરૂરીયાત પ્રમાણે આપી શકાય તેને માટે, તેમજ ફ્રી લાઇબ્રેરીનો લાભ વધારે સરલતાપૂર્વક જૈન તેમજ જૈનેતર બંધુઓ પ્રજા વિશેષ કેમ લઇ શકે ? આપણા જૈન બંધુઓ કે જેને કોઇ પણ પ્રકારની રાહતની જરૂરીયાત હોય તેને તે તે પ્રકારે રાહત સભા કેમ આપી શકે ? છેવટે દેવ, ગુરુ અને ધર્મની વિશેષ વિશેષ પ્રકારે સભા ભક્તિ કેમ કરી શકે અને ચિન્તવેલા અને નવા મનોરથો ગુરુકૃપા વડે જલ્દી પૂર્ણ થવા પામે તે માટે ગુરૂદેવની પ્રાર્થના કરી આ નિવેદન પૂર્ણ કરવામાં આવે છે.

ઉપર પ્રમાણે સં. ૨૦૦૭ ની સાલનો સંપૂર્ણ કાર્યવાહી સાથેનો રિપોર્ટ આપની સમક્ષ રજૂ કર્યો છે. અમો કાર્યવાહકોની કદાચ કોઇપણ સ્થળે ત્રુટી-સ્ખલના દેખાય તો દરગુજર કરી અમોને જણાવશો જેથી અમો કાર્યવાહકો અથવા સભા તેમાં યોગ્ય સુધારાવધારા જરૂર કરશે.

**આભાર**—આ વર્ષમાં સભાના ચાલતા કોઇ પણ કાર્યમાં આર્થિક સહાય આપનાર બંધુઓ તથા શ્રી આત્માનંદ પ્રકાશ માસિકને માટે લેખો, સહકાર વગેરે આપનાર મુનિમહારાજો તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે. આ સભાના અનેક ઉત્તમ ભાવી મનોરથો ગુરુકૃપાથી શ્રી અધિષ્ઠાયક દેવો સફળ બનાવે તેવી પરમાત્માના પ્રાર્થના કરી આ રિપોર્ટ પૂર્ણ કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

તરફથી પ્રકાશિત થયેલા પુસ્તકોમાંથી નીચેના સીલીકમાં છે.

## (સંસ્કૃત, માગધી અને મૂળ ટીકાના ગ્રંથો)

| | |
|---|---|
| સૂક્ત રત્નાવલી | ૦–૪–૦ |
| ધર્માભ્યુદયમ્ | ૦–૪–૦ |
| જૈન મેઘદૂત | ૨–૦–૦ |
| ચંદ્રલેખા (પ્રત) | ભેટ |
| પ્રકરણ સંગ્રહ (પ્રત)<br>જેમાં, સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણ સ્થાન ક્રમારોહ મૂળ છે. | ૦–૮–૦ |
| કર્મગ્રંથ ભાગ ૨ જો (પાંચમો છઠ્ઠો) | ૪–૦–૦ |
| કથારત્નકોશ (ગ્લેઇઝ) મૂળ માગધી | ૮–૮–૦ |
| વસુદેવ હિંડી અંશ બીજો મૂળ માગધી | ૩–૮–૦ |
| બ્રહત્ કલ્પ ભાગ ૬ ઠો છેલ્લો | ૧૬–૦–૦ |

## પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથો.

| | |
|---|---|
| જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંગ્રહ | ૨-૧૨-૦ |

## શ્રી જૈન આત્માનંદ જન્મ શતાબ્દિ સિરિઝ

| | |
|---|---|
| શ્રી વિજયાનંદસૂરિ (રા. સુશીલ) | ૦–૮–૦ |
| ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ (બ્રહ્મચર્ય પદ પૂજા) | ૦–૪–૦ |
| ત્રિશષ્ટી પર્વ ભાગ ૧ સંસ્કૃત બુકાકારે | ૬–૦–૦ |
| ,, ,, ,, ૨ ,, ,, | ૮–૦–૦ |
| ,, ,, ,, ૨ ,, પ્રતાકારે | ૧૦–૦–૦ |

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નયમાર્ગદર્શક | ૦-૧૦-૦ |
| હંસવિનોદ | ૦-૧૨-૦ |
| કુમારવિહારશતક | ૧-૮-૦ |
| શ્રી જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| ધર્મબિન્દુ (આવૃત્તિ બીજી) મૂળ તથા ગુજરાતી | ૩-૦-૦ |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા (દ્વિતીય પુષ્પ) | ૧-૦-૦ |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૧-૦-૦ |
| શ્રી પંચપરમેષ્ઠિ ગુણરત્નમાલા | ૧-૮-૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨-૮-૦ |
| શ્રી વીશ સ્થાનકપદ પૂજા (અર્થ સહિત) | ૧-૪-૦ |
| કાવ્યસુધાકર | ૨-૮-૦ |
| જૈનધર્મ | ૧-૦-૦ |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | ૦-૧૨-૦ |
| આત્મ કાન્તી પ્રકાશ | ૦-૮-૦ |
| શ્રી દેવસીરાઇ બે પ્રતિક્રમણ મૂળ (ઉંચા કાગળ) | ૦-૧૦-૦ |
| વસુદેવ હિંડી ભાષાન્તર | ૧૫-૦-૦ |
| સંઘપતિ ચરિત્ર ,, | ૬-૮-૦ |
| શ્રી શાન્તીનાથ ચરિત્ર | ૭-૮-૦ |
| શ્રી પાર્શ્વનાથ ચરિત્ર (ગ્લેઇઝ) | ૧૩-૦-૦ |
| શ્રી પાર્શ્વનાથ ચરિત્ર (લેઝર અને આર્ટ) | ૧૫-૦-૦ |
| જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ૪-૦-૦ |
| સતી દમયન્તી ચરિત્ર | ૭-૮-૦ |
| આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ૨-૦-૦ |
| કથા રત્નકોષ ગુજરાતી ભાગ ૧ | ૧૦-૦-૦ |
| શ્રી તિર્થંકર ચરિત્ર ( જેમાં ૨૪ પ્રભુના ફોટા, નીર્વાણ ભૂમી, ઈન્દ્ર વિ. ફોટા, ગૌતમ સ્વામીનો ફોટો તથા ચોવીસે પ્રભુનાં ટૂંક જીવનચરિત્રો છાપ્યા છે.) | ૬-૦-૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અન્ય ગ્રંથો

| | |
|---|---|
| સુક્ત મુક્તાવલી .... .... .... .... .... | ૦-૪-૦ |
| ચૌદ રાજલોક પૂજા .... .... .... .... .... | ૦-૪-૦ |
| સમ્યક્જ્ઞાન દર્શન પૂજા .... .... .... .... .... | ૦-૪-૦ |
| તત્ત્વ નીર્ણય પ્રસાદ .... .... .... .... .... | ૧૦-૦-૦ |
| આત્મ વલ્લભ પૂજા સંગ્રહ .... .... .... .... .... | ૩-૦-૦ |

## છપાય છે

શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ગુજરાતી શ્રી સુમતીનાથ ચરિત્ર ગુજરાતી

## સંસ્કૃત માગધી ગ્રંથો

શ્રી દ્વાદશાર નય ચક્ર

# શ્રી જૈન આત્માનંદ સભા

## ભાવનગર

સભાસદોના વર્ગની ફી

| | |
|---|---|
| પેટ્રન ... ... ... ... ... | રૂા. ૫૦૧) |
| પહેલા વર્ગના લાઈફ મેમ્બર ... ... | ,, ૧૦૧) |
| બીજા ,, ,, મેમ્બર ... ... | ,, ૫૧) |

**આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ નિરંતર કેમ થતી જાય છે?**

આ સભા તરફથી દર વર્ષે સંપૂર્ણ કાર્યવાહી, સરવૈયું વગેરે સંપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રગટ થાય છે, તેમ જ પેટ્રનસાહેબ અને લાઈફ મેમ્બરોને આત્મ-કલ્યાણના સાધન (અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ) માટે કથા ઈતિહાસ સાહિત્યના તીર્થંકર ભગવંતો, સતી માતાઓ અને સત્ત્વશાળી પુરૂષોના સુંદર સચિત્ર મ્હોટા ગ્રંથો છપાતાં દર વર્ષે માત્ર આ સભા જ ભેટ આપતી હોવાથી, નવાં પેટ્રન સાહેબો તથા લાઈફ મેમ્બરોની ક્રમે ક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે.

લાઈફ મેમ્બર થનારને આત્માનંદ પ્રકાશ માસીકનું લવાજમ ભરવાનું નથી. તેમને કાયમ ભેટ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂા. ૧૦૧) ભરી પહેલા વર્ગના લાઈફ મેમ્બરોને નીચેનાં છ વર્ષોમાં
જે લાભ મળ્યો તેની યાદી.

| | | | | |
|---|---|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર | કિં. | રૂા. | ૬-૮-૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, | ,, | ૩-૮-૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, | ,, | ૧૫-૦-૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર | ,, | ,, | ૭-૮-૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર | ,, | ,, | ૧૩-૦-૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર | ,, | ,, | ૬-૮-૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, | ,, | ૪-૦-૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, | ,, | ૨-૦-૦ |
| | જૈન મતકા સ્વરૂપ | | | ભેટ |
| સં. ૨૦૦૭ / ,, ૨૦૦૮ | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, | ,, | ૧૦-૦-૦ |
| | શ્રી તીર્થંકર ચરિત્ર સચીત્ર | ,, | ,, | ૬-૦-૦ |
| | શ્રી અનેકાન્ત | ,, | ,, | ૧-૦-૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, | ,, | ૦-૮-૦ |
| | | | | ૭૫-૮-૦ |

ઉપર મુજબ તેર પુસ્તકો કુલ રૂા. ૭૫ાા ના છ વર્ષમાં ભેટ અપાયા છે.

પેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભરેથી ૨૦૦૬, ૭, ૮ માં રૂા. ૧૩નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભરેથી હજી સુધી ભેટ આપવામાં આવે છે. માટે હજુ પેલા વર્ગના લાઈફ મેમ્બર અથવા પેટ્રન થઈ દર વરસે મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. સંવત ૨૦૦૭, ૨૦૦૮ માં રૂા. ૧૭ાા ના પુસ્તકો ભેટ આપવાના છે તે ૨૦૦૮ માં થનાર લાઈફ મેમ્બરને રૂા. ૮) વધુ ભરેથી ૨૦૦૭ તથા ૨૦૦૮ ના રૂા. ૧૭ાા ના ભેટ મળશે. બીજા વર્ગના લાઇફ મેમ્બર થનારને રૂા. ૨)ની કીંમતના ભેટના પુસ્તકો ભેટ આપવામાં આવે છે તેમ જ તેથી વધુ કીંમતના ગ્રંથ કીંમતમાંથી રૂા. ૨) ભેટના બાદ કરી બાકીના પૈસા ભરેથી ભેટ મળશે અથવા રૂા. ૫૦) વધુ ભરી પેલા વર્ગમાં આવેથી તે વરસના ભેટ મળશે. આત્માનંદ પ્રકાશ માસીક દર માસે જીંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વીલંબ થશે તે વરસની ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; માટે આ સભાના પેટ્રન અથવા પ્રથમ વર્ગના લાઈફ મેમ્બર થઈ જવામાં ઘણો લાભ છે. અત્યાર સુધી ૭૦૦ આસપાસ સંખ્યા લાઈફ મેમ્બરોની થઈ છે

તા. ૨૬-૩-૫૨
૨૦૦૮

**શ્રી જૈન આત્માનંદ સભા**
ભાવનગર

(સાધના મુદ્રણાલય-ભાવનગર.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ઘણી જ થોડી નકલો નીચેના બે ગ્રંથોની સિલિકે રહેલી છે.

જલદી મંગાવો. **શ્રી તીર્થંકર ચરિત્ર ( સચિત્ર )** ફરીથી છપાવી શકાતું નથી.

( શ્રી અમરચંદ્રાચાર્યકૃત )

ધર્મકથાનુયોગમાં શ્રી તીર્થંકર ભગવંતોના ચરિત્ર જેમાં આવેલ હોય છે તે ઉત્તમોત્તમ ધર્મકથા કહેવાય છે, જેના વાંચન–મનન અને અનુકરણથી મનુષ્ય મહાન પુરુષ બને છે, પરંતુ તેનું પઠન–પાઠન બાલ્યાવસ્થામાંથી જ શરૂ કરવું જોઇએ કે જેથી બાળકોને વાંચતા રસ ઉત્પન્ન થાય, દઢશ્રદ્ધા પ્રકટે, કંટાળો ન ઉપજે સહેલાઇથી મનન કરી કંઠાગ્ર થઈ શકે અને મોટી ઉમરે પણ તે ભૂલી ન શકે. આવા સંક્ષિપ્ત જિનેશ્વર દેવોના ચરિત્રો જ બાળજીવોને પ્રાથમિક ભૂમિકારૂપ ખાસ મનાયો છે. વળી આ ગ્રંથમાં જોઇએ તેટલું અને કંઠાગ્ર થઈ શકે તેટલું જ ચરિત્ર વર્ણન આપવામાં આવેલું છે. સુંદર સાદી, સરળ ગુજરાતીમાં છપાવેલ છે. તેમાં વિશિષ્ટતા એ છે કે પ્રથમ મુખ્યદર્શન ઉપર પવિત્ર શ્રી શત્રુંજય તીર્થનો દૃશ્ય ફોટો આવેલ છે. ગ્રંથની શરૂઆતમાં પૂજ્યશ્રી હરિભદ્રાચાર્ય કૃત મહાદેવ અષ્ટક, પછી અનુક્રમે દરેક તીર્થંકર ભગવંતોના વિવિધ રંગના ફોટાઓ, ઇન્દ્ર મહારાજની ભક્તિ અને નિર્વાણભૂમિના રંગીન દૃશ્યો, પછી પરમાત્માના ચરિત્રો, વચમાં શ્રી યશોવિજયજી મહારાજકૃત પરમાત્મ જ્યોતિ પચ્ચીશી, પરમાત્મા પચ્ચીશી, શ્રી હેમચંદ્રાચાર્યકૃત વીતરાગસ્તોત્ર અને છેવટ શ્રી સિદ્ધસેન દિવાકરકૃત બત્રીશીએ સર્વ મૂળ અર્થ સાથે આપવામાં આવેલ છે. સુંદર બાઇન્ડીંગ વગેરેથી આકર્ષક, અનુપમ આ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે. ઉંચી જાતના પેપરો ઉપર તૈયાર કરવામાં આવેલ તૈયાર છે. કિંમત રૂ. ૬–૦–૦ (પોસ્ટેજ જુદું)

---

શ્રી દેવભદ્રાચાર્ય કૃત–

## શ્રી કથારત્નકોષ ગ્રંથ ( અનુવાદ ) ( ભાગ ૧ લો )

યથાર્થ નામને શોભાવતો આ કથારત્નકોષ ગ્રંથ સંવત ૧૧૫૮ ની સાલમાં પૂજ્ય પૂર્વાચાર્ય મહારાજે મૂળ પ્રાકૃતભાષામાં સુમારે સાડાબાર હજાર શ્લોકપ્રમાણમાં વિદ્વત્તાપૂર્ણ રીતે રચેલો છે. આ ગ્રંથમાં સમ્યક્ત્વાદિના ત્રીશ સામાન્ય ગુણો અને પંચ અણુવ્રતના સત્તર વિશેષ ગુણો મળી પચાસ ગુણો સુંદર, અનુપમ, વાચકને રસ ઉત્પન્ન કરે તેવી કથાઓ જે કેટલીક કથાઓ તદ્દન નવીન બીજે નહિં જોવાયેલી, તે નહિં વાંચવા સાંભળવામાં આવેલી જે જે ગુણો સાથે વંચાય તે તે ગુણો ગ્રહણ કરવાની વાચકને ઘડીભર જિજ્ઞાસા થાય અને સાથે આત્માને આલ્હાદ ઉત્પન્ન કરે તેવી કથાઓ છે.

દરેક કથાના વર્ણનમાં અને ઉપસંહારમાં તે તે ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેના લગતા ગુણદોષો, લાભહાનિનું નિરૂપણ અતિ વિદ્વત્તાપૂર્ણ રસભરિત રીતે કર્યું છે.

ગુણોના વર્ણન ઉપરાંત પ્રસંગોપાત અનેક મહત્વના વિષયો જેવાં કે ઉપવન, ઋતુ, રાત્રિવર્ણનો વગેરે; તેમ જ રાજકુળના પરિચયથી થતાં લાભો, સત્પુરુષોનો માર્ગ, આપઘાતના દોષો, દેવદર્શન, પુરુષોના પ્રકારો, નહિ કરવાલાયક, છોડવાલાયક, ધારણ કરવાલાયક, વિશ્વાસ નહિ કરવાલાયક, અતિથિસત્કારાદિ અનેક વિષયો, છીંકવિચાર, રત્નલક્ષણો, સામુદ્રિક, રત્નપરીક્ષા વગેરે લોકમાનસને આકર્ષક સ્થૂલ વિષયો, દેવગુરુધર્મતત્ત્વનું અનુપમ સ્વરૂપ, વ્યવસ્થાપનવાદ સ્થળ, આઠ પ્રાતિહાર્યનું સ્વરૂપ, ધર્મતત્ત્વપરામર્શ, જિનપૂજાનું વિસ્તૃતસ્વરૂપ, સામાન્ય ધર્મોપદેશ, મૂર્તિપૂજા વિષયિક વર્ણન, અભક્ષ્ય અનંતકાય ભક્ષણદોષપણું આદિ ગંભીર ધાર્મિક વિચારો; ઉપધાન, ધ્વજારોપણ તથા મૂર્તિપ્રતિષ્ઠા આદિ વિધાનો અને અંતર્ગત અનેક કથાઓ, સુભાષિતો આદિ વિવિધ વિષયો આપવામાં આવ્યા છે. જેથી કર્ત્તા આચાર્યમહારાજ કેટલા સમર્થ અને બહુશ્રુત આચાર્ય હતા અને તેમની આ કૃતિ પાંડિત્યપૂર્ણ અને અર્થગંભીર એટલી બધી છે કે મનનપૂર્વક નિરંતર પઠનપાઠનથી વાચક જરૂર આત્મકલ્યાણ સાધી શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

આ ગ્રંથ ઘણો જ મ્હોટો હોવાથી બે ભાગમાં પ્રકાશન કરવાનો હોવાથી આ તેનો પ્રથમ ભાગનું પ્રકાશન કરવામાં આવ્યું છે. મૂળ ગ્રંથના સંપાદક, મહાન સંશોધક સાક્ષરશિરોમણિ કૃપાળુ શ્રી પૂણ્યવિજયજી મહારાજશ્રીની લખેલી વિદ્વત્તાપૂર્ણ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથમાં આવેલી છે તે જ પ્રસ્તાવના આ પ્રથમ ભાગમાં અમોએ પ્રગટ કરી છે, જેથી ગ્રંથકર્ત્તા પૂર્વાચાર્ય અને સંપાદક મહાત્માશ્રીની વિદ્વત્તા માટે અપૂર્વમાન વાંચકને ઉત્પન્ન થયા સિવાય રહેશે નહિં.

ઊંચામાં ઊંચા ટકાઉ કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોથી ચાલીશ ફોર્મ ક્રાઉન આઠ પેજીમાં વિવિધ-રંગીન કવરજેકેટ મજબૂત બાઈંડીંગથી વધતી જતી સખ્ત છાપકામની મોંઘવારી છતાં સુંદરમાં સુંદર આ ગ્રંથનું પ્રકાશન કરેલ છે. અનેક વિષયોનું જ્ઞાન કરાવનાર આવો ગ્રંથ હજી કોઇ પ્રગટ થયો નથી તેમ વાંચતા માલમ પડશે. કિંમત રૂા. ૧૦-૦-૦ પોસ્ટેજ જુદું

## શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

પૂર્વાચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી રચિત શુમારે પાંચ હજાર ઉપરાંત શ્લોક પ્રમાણ સંસ્કૃત ભાષામાં રચેલ આ અનુપમ કૃતિનો ગુજરાતીમાં અનુવાદ ( ગ્રંથ ) છપાય છે. ઊંચા કાગળો, સુંદર ગુજરાતી ટાઈપો, પ્રાચીન કલાના દૃષ્ટિએ સુંદર પરિકર સાથેનો, પ્રભુનો ફોટો, શાસનદેવ સહિત પ્રભુનો ફોટો, શ્રી સમેત્તશિખર નિર્વાણ પામ્યાના વખતનો, મેરૂપર્વત જન્માભિષેકનો, જ્યાં પ્રભુના ચાર કલ્યાણો થયા છે તે, **સિંહપુરી** નગરના વર્ણન સહિતનો અને સુંદર કવર જેકેટનો અને પરમ ગુરૂદેવશ્રી આત્મારામજી મહારાજનો વગેરે સર્વ રંગીન આર્ટ પેપર ઉપર સુંદર ફોટાઓ સાથે અને અલંકૃત બાઇન્ડીંગ સાથે પ્રગટ થશે. આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર પુણ્યવંત ભાગ્યશાળી શ્રીમંત જૈન બ્હેનો કે બંધુઓનો પણ ફોટો જીવનચરિત્ર સાથે આ ચરિત્રમાં આપવામાં આવશે. સુકૃતની લક્ષ્મીનો જ્ઞાનોદ્ધાર જ્ઞાનભક્તિ માટે અવશ્ય લાભ કોઇ પણ પરમ શ્રદ્ધાળુ આત્માએ ખાસ લેવા જેવું છે. જીવનમાં આવો જ્ઞાનભક્તિનો પ્રસંગ સુકૃત લક્ષ્મી અને પૂર્વના પુણ્યયોગે જ મળી શકે છે. આ જ્ઞાન અને પ્રભુભક્તિના ઉત્તમ કાર્ય માટે કોઇ પુણ્યપ્રભાવક જૈન બંધુઓની આર્થિક સહાયની જરૂર છે.

## કલિકાળસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજકૃત-
## શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરુષ ચરિત્ર મૂળ.

( બીજો ભાગ-પર્વ ૨, ૩, ૪. ) ( શ્રી અજિતનાથ પ્રભુથી શ્રી ધર્મનાથ પ્રભુ સુધી )

ત્રણ પર્વો સુમારે પચાશ ફોર્મમાં સુંદર ઉંચા લેઝર પેપર ઉપર સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં પ્રતાકાર તથા બુકાકારે બંને સાઇઝમાં છપાઇ તૈયાર થયો છે, હજી સુધી વધતી સખ્ત મોંઘવારીને લઇને સુંદર કાર્ય કરાવતાં ઘણો મ્હોટો ખર્ચ થયો છે. કિંમત પ્રતાકાર રૂા. ૧૦ બુકાકારે રૂા. ૮) પોસ્ટેજ જુદું. **પ્રથમ ભાગની જુજ બુકાકારે સિલિકે છે જે જ્ઞાનભંડારોમાં રાખવા જેવી છે. કિંમત છ રૂપીયા પોસ્ટેજ અલગ.**

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ ( સચિત્ર ) ચરિત્ર.

( ઘણી થોડી નકલો સિલિકે છે. )

આ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર સચિત્ર, સુંદર. આકર્ષક અને આત્મકલ્યાણ સાધનારૂં હોવાથી જૈન સમાજમાં પ્રિય થઇ પડવાથી, જિજ્ઞાસુ જૈન બંધુઓ અને બ્હેનો આ ચરિત્ર ગ્રંથ ભેટ મંગાવે છે, જેથી હવે પછી નવા થનારા લાઈફ મેમ્બર બંધુએ અને બ્હેનોએ રૂા. ૧૦૧) લાઈફ ( મેમ્બર ફીના તથા રૂા. ૭) શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્રના મળી રૂા. ૧૦૮) મોકલી આપશે તેમને ( સલિકમાં હશે ત્યાં સુધી ) ભેટ આપવામાં આવશે. કિંમત રૂા. ૧૩)

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only